# સાયં પ્રાર્થના



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સાયં પ્રાર્થના


**પ્રકાશક**

**શ્રી અબજીબાપાશ્રીની છતેડી અને**
**હનુમાનજી મંદિર ટ્રસ્ટ**
**મુ. બળદિયા**

સંવત ૨૦૭૦ — સને ૨૦૧૪
અષાઢ વદ-૩૦ (અમાસ) — ૨૬ જુલાઈ

# સાયં પ્રાર્થના

પ્રકાશક :-

શ્રી અબજીબાપાશ્રીની છતેડી અને
હનુમાનજી મંદિર ટ્રસ્ટ મુ. બળદિયા

આવૃતિ :- દ્વિતિય

સેવા મૂલ્ય :- રૂા. ૫.૦૦

# સ્તુતિ

તેજ તેજ અંબારમાં

તેજોમય મહારાજ,

આવ્યા અવની ઉપરે,

કરવા જનના કાજ.

જયકારી જય જય પ્રભુ,

નામ ધર્યું ઘનશ્યામ,

પ્રગટ પ્રતાપ જણાવીયો,

પોતે પૂરણ કામ.

અવતારી અવતારના,

સ્વામી સહજાનંદ,

નામ અનંત બહુનામીના,

લેતા થાય આનંદ.

# અર્પણ

સ્વામિનારાયણ મહાપ્રભુ જેહ,
અનંત કોટી મુકતના સ્વામી તેહ,
એહ સ્વરૂપનું જ્ઞાન જેહ,
સર્વોપરી પ્રવર્તાવ્યુ તેહ,
કૃપા કરી અતિ ભારી,
દિવ્ય દૃષ્ટિએ સૌને નિહાળી,
અગમ સુગમ કરી દીધુ,
સહેજે મૂર્તિનું સુખડુ દીધું.
મોક્ષનું સદાવ્રત કીધુ જાતે,
દયા કરી અબજીતાતે,
કરીએ અર્પણ ગ્રંથ અનુપ,
તવ ચરણમાં સુખરૂપ.



શ્રી ઘનશ્યામ મહારાજ-બળદિયા

## મહિમા

છતેડી સ્થાન તો એવુ થયુ,
મોક્ષ સદાવ્રત થઈ રહ્યું,
મોટુ તીર્થ થયુ સહુ જાણો,
આ સ્થળે શ્રીજીએ પ્રમાણો.
દેવબાને દર્શન તે દઈ,
પ્રગટ થવાનું કહ્યું'તુ આંઇ,
બન્ને છત્રી થઈ સ્મૃતિરૂપ,
શુભ ધામ થયું તે અનુપ.
નિર્ગુણ મૂર્તિને નિર્ગુણ મુક્ત,
નિર્ગુણ ધામ અતિ તેજે યુક્ત,
ઝળહળે અખંડ પ્રકાશ,
કારણ નિર્ગુણ શ્રી અવિનાશ.


અનાદિ મહામુક્તરાજ શ્રી
અબજીબાપાશ્રી

# निवेदन

ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની શિક્ષાપત્રીમાં આજ્ઞાનુસાર नाम सं किर्तन कार्य... ખૂબજ અગત્યતા ધરાવે છે અને તે મુજબ શ્રીજી મહારાજના આશ્રિત વર્ગ હર હંમેશ જે સ્તુતિ પ્રાર્થના કરવાના નિયમો રાખતા હોય છે તેમાં સુગમતા થાય તેવું લક્ષમાં રાખી આ નાનકડી પુસ્તિકામાં પ્રાર્થના, સ્તુતિ, થાળ, આરતી, લીલા ચેષ્ટા, જનમંગલ નામાવલિ અને સત્સંગમાં પ્રસિધ્ધ એવા કિર્તનના અંશો સમાવેલ છે.

અનાદિ મહામુકત બાપાશ્રી દ્વારા છતેડીના સો વર્ષના ઉપલક્ષમાં કૃપાવર્ષા મહોત્સવ નિમિત્તે આ પુસ્તિકા શ્રી

અબજીબાપાશ્રીની છતેડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ તરફથી પ્રકાશન કરવામાં આર્થિક સહયોગ અનાદિ મુકત જાદવજીબાપા કાનજીબાપા અબજીબાપાની પ્રસન્નતા અર્થે ગામ બળદિયાના ગોવિંદભાઈ કલ્યાણભાઈ બાપાવાળા સહપરિવાર તરફથી મળેલ છે

શ્રીજી મહારાજ, બાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીઓ સેવા કરનાર ઉપર તથા પુસ્તિકાનો ઉપયોગ કરનાર સૌ કોઈ ઉપર પ્રસન્ન થઈ સદાય મૂર્તિમાં રાખે એ જ પ્રાર્થના.

**લિ.**

**શ્રી અબજીબાપાશ્રીની છતેડી તથા હનુમાનજી મંદિર ટ્રસ્ટ અને સંતમંડળ**

# અનુક્રમણિકા


પદ પા.નં.

૧ અલબેલાજી મારે........................૩૬
૧ અવાહ્ન મંત્ર..........................૧૩
૧ આજ મેં તો............................૩૯
૧ આજ સખી..............................૫૦
૧ આજ સખી આનંદ........................૪૫
૧ આજ મેં તો ભેટયા રે...................૫૬
૧ આજ પ્રગટયા..........................૬૧
૧ આવ્યા અબજીબાપા......................૯૯
૧ કહું અલૌકિક વારતા....................૯૧
૧ ધ્યાન પ્રાર્થના..........................૩૧
૧ કોડે કોડે એકાદશી......................૩૪
૧ ગિરધારી રે ગિરધારી....................૧૫
૧ જનમ સુધાર્યો..........................૪૦
૧ જમો થાળ જીવન........................૬૪
૧ જનમંગલ નામાવલિ....................૧૦૭
૧ જેને જોઈએ તે.........................૪૧
૧ જય સદ્ગુરૂ-આરતી.....................૧૭
૧ તારી મૂર્તિ લાગે છે....................૩૮
૧ તારે ચટક રંગીલો.......................૩૮
૧ તમારી મૂર્તિ વિના.....................૧૦૩
૧ દંડવત્ સ્તુતિ...........................૨૬

૧ ભવસંભવ્ભીતિ..........................૨૧
૧ નિર્વિકલ્પ..............................૨૩
૧ નમન હું કરું...........................૩૩
૧ પોઢે પ્રભુ સકળ.......................૯૮
૧ પ્રગટ થયા પ્રભુ.......................૫૦
૧૦ પ્રથમ શ્રી હરિને રે..................૬૭
૧ બાપાશ્રીની આરતી....................૧૯
૧ મનડું મૂર્તિમાં.........................૪૯
૧ મનડુ લોભાણું.........................૪૬
૧ મને પ્યારી લાગે......................૬૪
૧ મંગલા ચરણ...........................૧૩
૧ મહારાજ આજ વડતાલ................૪૬
૧ મારે આજ પ્રીતમ......................૪૩
૧ માણકીએ ચડયા......................૪૭
૧ મારે આનંદનો.........................૫૭
૧ રૂડી રાંધી મેં...........................૬૫
૧ લટકાળો લટકંતો......................૪૪
૧ વસ્યો છે છોગલા......................૬૩
૧ વહાલું લાગે...........................૩૯
૧ વિસર્જન મંત્ર..........................૧૪
૮ વંદુ સહજાનંદ રસરૂપ...................૮૩
૪ અક્ષરના વાસી વ્હાલો................ ૧૨૪
૧ આનંદ આપ્યો અતિ ઘણો રે .......૧૧૪
૪ ઉત્સવની પ્યારી ..................... ૧૧૨

૧ વાલા લાગો છો.........................૩૭
૧ વા'લા રમઝમ કરતા....................૪૨
૧ વા'લો વધાવું.............................૫૪
૧ શ્યામની છબી.............................૧૫
૧ રે શ્યામ તમે..............................૮૨
૧ શ્યામ સલુણો.............................૫૩
૧ શ્યામ પધારો.............................૫૫
૧ રામકૃષ્ણ ગોવિંદ.........................૨૦
૧ શ્રીજી મહારાજ............................૬૦
૧ શ્રી વાસુદેવ સ્તોત્રમ્.................૧૦૪
૧ સખી ગોકુળ ગામના.....................૩૬
૧ સહજાનંદ સુખકારી.....................૫૨
૧ સુતા ઉઠી રે..............................૧૪
૧ સર્વે સખી.................................૫૪
૧ સ્વામિનારાયણ મહામંત્ર...............૬૨
૧ સ્તુતિ શ્લોક..............................૨૭
૧ સુણો ચતુર................................૫૫
૧ સાંભળ બે'ની.............................૪૮
૧ સુંદર શ્રી ઘનશ્યામ.....................૫૧
૧ હરિજન હોય તે..........................૩૫
૨ હિતકારી હરિ રે.........................૧૬
૨ હરિ હૈયાના હાર.........................૪૩
૨ હવે મારા વા'લાને.......................૮૧
૧ હે પૂર્ણ પુરૂષોત્તમ.......................૧૬
૪ મન લીધુ મોરલડીના તાનમાં રે .....૧૨૬
૪ સહજાનંદ સિંધુ રે આજ .............૧૧૯
૪ હૈડાનો હાર હરિ ................ .....૧૧૭

## મંગલાચરણ

વાણી મંગલ રુપિણી ચ હસિતં,
યસ્યાસ્તિ વૈ મંગલમ્ ।
નેત્રે મંગલ દે ચ દોર્વિલસિતં,
નૃણાં પરં મંગલમ્ ।
વક્ત્રં મંગલકૃચ્ચ પાદચલિતં,
યસ્યાખિલં મંગલમ્ ।
સોડયં મંગલ મૂર્તિરાશુ જગતો,
નિત્યં ક્રિયાન્ મંગલમ્ ॥

## • આવાહન મંત્ર •

ઉત્તિષ્ઠોતિષ્ઠ હે નાથ
સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસુનો દયાસિંધો
સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥
આગચ્છ ભગવન્ દેવ
સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજા કરિષ્યામિ
સદા ત્વં સન્મુખો ભવ ॥

## • વિસર્જન મંત્ર •

સ્વસ્થાનં ગચ્છ દેવેશ
પૂજામાદાય મામકીમ્ ।
ઈષ્ટકામ પ્રસિદ્ધયર્થૅ
પુનરાગમનાય ચ ॥

## • રાગ-ધોળ,પદ-૧ •

સૂતાં ઉઠી રે સમરૂ સહજાનંદ કે
વેણલા ભલે વાચારે;
અંતર ઉપજ્યો રે, અતિશે આનંદ રે-વે૦
નયણે નીરખી રે, રંગભીનાનું રૂપ ક-વે૦
પ્રીતે પોંખ્યા રે, બ્રહ્મ મહોલના ભૂપ કે-વે૦
ઉર્ધ્વરેખા રે, બે ચરણમાં જોઈ કે-વે૦
તેને નીરખી રે, મનડુ રહ્યુ મોઈ કે-વે૦
નખમણિયું રે, જુગલ ચરણની જોડ કે-વે૦
ગોળ ઘુંટિયું રે, પુરે મનડાના કોડ કે-વે૦
જંઘા જાનું રે, જોયા સાથળ સાર કે-વે૦
નાભી ઉંડી રે, અજ ઉપજ્યા જે ઠાર કે-વે૦
પેટ પોયણ રે, જોયા ત્રણે વળ કે-વે૦
એવા ચિન્હની રે, કૃષ્ણાનંદને કળ કે-વે૦

• પદ-૧ •

ગિરધારી રે સખી! ગિરધારી
મારે નિરભે અખૂટ નાણુ ગિરધારી...ટેક૦
ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે,
દામની પેઠે રે ગાંઠે બાંધ્યુ નવ છૂટે-૧
અનગણ નાણું સંચી અંતે નિરધનિયા જાયે;
તેની પેઠે નિરભે નાણું દૂર ન થાયે-૨
સંપત વિપત સર્વે સ્વપ્નું જાણું,
હરિના ચરણની સેવા પૂરણ ભાગ્ય પરમાણું-૩
મુકતાનંદ કહે મોહનવરને ઉરમાં ધારી;
હવે દુઃખને દારિદ્ર થકી, થઇ છું હું ન્યારી-૪

• રાગઃ ગરબી,પદ-૧ •

શ્યામની છબી રે ! સખી શ્યામની છબી
જોને ફૂલડાથી છાઈ, સખી શ્યામની..
ફૂલોના તોરાની ફોરે, ભ્રમર કરે ગુંજાર;
અંગો અંગ હરિને શોભે, ફૂલોના શણગાર
-શ્યામની૦૧

કાનુંમે ફૂલડાનાં કુંડળ, ફૂલોના ભુજબંધ;
ફૂલતણા ગજરા ફાવે, સુંદરમાંહી સુગંધ
-શ્યામની૦૨

ફૂલતણો શિર મુગટ જોઈને, મગન ફરે વ્રજનાર
ફૂલતણી શોભા પર જાયે બ્રહ્માનંદ બલિહાર
-શ્યામની૦૩

## • પદ-૧ •

હિતકારી હરિ રે સખી, હિતકારી હરિ;
છપૈયામાં પ્રીતે પ્રગટયા, હિતકારી હરિ;
અક્ષરવાસી અલબેલોજી, કરુણા કરી;
ધર્મ ને ભકિત થકી, દુર્લભ દેહ ધારી...હિત.
બાળ સ્વરૂપ બનાવ્યુ વ્હાલે, સૌને અનુસરી;
મોહનજીનું મુખડું જોતા, નેણા રે ઠરી...હિત.
ભવ બ્રહ્માદિક જેવા જેને, ભજે પ્રેમ ભરી;
કાળ કઠોર કહાવે તેતો, ભાગે દૂર ડરી...હિત.
આશ્રિત જનના ટાળે વાલો, અંતરના અરી;
દયાનંદ કહે નિર્ભય થાવુ, એ વાલો વરી...હિત.

● પદ-૨ ●

લટકાળો લહેરી રે સખી, લટકાળો લહેરી;
છપૈયામાં રમે છેલો, લટકાળો લહેરી;
અનુપમ અંગી પ્યારે, પ્રીતશું પહેરી ;
જીવનજીને જોવા ઉભા જન ઘણા ઘેરી..લટ.
મરમાળાની મૂર્તિ સૌના, મનમા ઠેરી;
વ્હાલ વધારી બોલે વ્હાલો, વાણી મુખ ઘેરી..લટ.
પ્રાણપતિને કાજે આવે, કફની પહેરી;
શિવજી સરખા હૈયે હરખે, શ્યામને હેરી..લટ.
છબી અલૌકિક અંતર ધારો, છગોળા કેરી;
દયાનંદ કહે આવો અવસર, નહી આવે ફેરી..લટ.

●આરતી●

જય સદ્‌ગુરુ સ્વામી,
પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;
સહજાનંદ દયાળુ (૨)
બળવંત બહુનામી...જય૦૧
ચરણસરોજ તમારા;
વંદુ કર જોડી. (૨)

ચરણે શીશ ધર્યાથી (૨)
દુઃખ નાખ્યા તોડી...જય૦૨
નારાયણ નરભ્રાતા,
દ્વિજકુળ તનુ ધારી (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨)
અગણિત નરનારી...જય૦૩
નિત્ય નિત્ય નૌતમ લીલા,
કરતા અવિનાશી (૨)
અડસઠ તીરથ ચરણે (૨)
કોટિ ગયા કાશી...જય૦૪
પુરૂષોતમ પ્રગટનું,
જે દર્શન કરશે (૨)
કાળ કરમથી છુટી (૨)
કુટુંબ સહિત તરશે...જય૦૫
આ અવસર કરૂણાનિધિ,
કરૂણા બહુ કીધી, (૨)
મુકતાનંદ કહે મુકિત (૨)
સુગમ કરી સીધી...જય૦૬

## •બાપાશ્રીની આરતી•

જય અબજીબાપા, જય અબજીબાપા
ઘરે અમારે આવ્યા (૨)
અમને સુખ આપ્યા..જય૦
મોટી બાંધી પાઘ
ખુરશી પર બેઠા (૨);
હરિજનો ને સંતો (૨)
સૌ બેઠા હેઠા...જય૦
હૈડે પહેર્યા હાર,
ગજરા બેઉ હાથે (૨)
અમને આપી પ્રસાદી (૨)
હાથ મૂક્યા માથે...જય૦
હરિજન જોડી હાથ,
ઉભા સહુ આગે (૨)
સદાય રાખજો ભેળા (૨)
એમ સહુ માગે...જય૦
કૃપા કરીને બાપા,
બોલ્યા બહુ પ્રીતે (૨)
સદાય રાખશું ભેળા (૨)

ધારજો દઢ ચિતે...જય૦
આત્યંતિક કલ્યાણ કરવા,
અવની પર આવ્યા (૨)
અગણિત મુક્તો ને સંતો (૨)
ધામ થકી લાવ્યા...જય૦
પ્રૌઢ પ્રતાપ જણાવ્યો,
પ્રગટયા સુખકારી (૨)
રુષ્ટ પુષ્ટ મુર્તિ પર (૨)
સેવક બલિહારી...જય૦

●ધુન●

રામકૃષ્ણ ગોવિંદ ! જય જય ગોવિંદ !
હરે રામ ગોવિંદ ! જય જય ગોવિંદ !
નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે
શ્રીમન્નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે,
કૃષ્ણદેવ હરે ! જય જય કૃષ્ણદેવ હરે !
જય જય કૃષ્ણદેવ હરે !
વાસુદેવ હરે ! જય જય વાસુદેવ હરે !
જય જય વાસુદેવ હરે !

વાસુદેવ ગોવિંદ ! જય જય વાસુદેવ ગોવિંદ !
જય જય વાસુદેવ ગોવિંદ !
રાધે ગોવિંદ ! જય રાધે ગોવિંદ !
વૃંદાવનચંદ ! જય રાધે ગોવિંદ !
માધવ મુકુંદ ! જય માધવ મુકુંદ !
આનંદકંદ ! જય માધવ મુકંદ !
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !

## શ્રી ગુરુભજન સ્તોત્રમ્

ભવસંભવભીતિ ભેદનં,
સુખસંપત્કરુણાનિકેતનં ।
વ્રતદાનતપઃક્રિયાફલં,
સહજાનંદગુરું ભજે સદા ॥૧
કરુણામય ચારુ લોચનં,
શરણાયાતજનાર્તિ મોચનમ્ ।
પતિતોદ્ધારણાય તત્પરં,
સહજાનંદગુરું ભજે સદા ॥૨
નિજતત્વપથાવબોધનં,
જનતાયાઃ સ્વત એવ દુર્ગમમ્ ।

ઈતિ ચિન્ત્ય ગૃહીતવિગ્રહં,
સહજાનંદગુરું ભજે સદા ॥૩
વિધિ શંભુ મુખૈરનિગ્રહં,
ભવપાથોધિ પરિભ્રમાકુલમ્ ।
અપિધાર્ય મનો નરપ્રભં,
સહજાનંદગુરું ભજે સદા ॥૪
નિજપાદપયોજ કીર્તનં,
સતતં સ્યાદ્ ભવ જીવ ગોચરં ।
ઈતિ યઃ કુરુતે ક્રતૂત્સવં,
સહજાનંદગુરું ભજે સદા ॥૫
બહિરીક્ષણ લોક માનુષં,
નિજદત્તામ્બક દર્શિનાં હરિમ્
ભજનીયપદં જગદગુરું,
સહજાનંદગુરું ભજે સદા ॥૬
શરણાગત પાપ પર્વતં,
ગણયિત્વા ન તદીય સદ્ગુણં ।
અણુમપ્યતુલં હિ મન્યતે,
સહજાનંદગુરું ભજે સદા ॥૭
ભવવારિધિ મોક્ષ સાધનં,

ગુરુરાજ પ્રકટ સ્વસંગમમ્ ।
પ્રકટી કૃતવાન કૃપાવશઃ,
સહજાનંદગુરું ભજે સદા ॥૮
ભગવન્ કૃપયા ત્વયા કૃતં,
જનતાયામુપ કારમીદશમ્ ।
ક્ષમતે પ્રતિકર્તૃ મત્ર કઃ કુરુતે,
દીનજનસ્તોંજલિમ્ ॥૯

## •પ્રાર્થના•

નિર્વિકલ્પ ઉત્તમ અતિ,
નિશ્ચય તવ ઘનશ્યામ;
મહાત્મ્યજ્ઞાનયુકત ભકિતતવ,
એકાંતિક સુખધામ...૧
મોહિમેં તવ ભકતપનો,
તામે કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાતકો,
સુનિયો ધર્મકુમાર !...૨
તુમારો તવ હરિભકતકો,
દ્રોહ કબુ નહિ હોય,

એકાંતિક તવ દાસકો,
દીજે સમાગમ મોય...૩
નાથ નિરંતર દર્શ તવ,
તવ દાસનકો દાસ;
એહિ માગું કરી વિનય હરિ,
સદા રાખીએ પાસ...૪
હે કૃપાલો ! હે ભક્તપતે !
ભક્તવત્સલ ! સુનો બાત,
દયાસિંધો ! સ્તવન કરી,
માગું વસ્તુ સાત...૫
સહજાનંદ મહારાજકે
સબ સત્સંગી સૂજાણ;
તાકું હોય દૃઢ વર્તનો
શિક્ષાપત્રી પ્રમાણ...૬
સો પત્રીમેં અતિ બડે,
નિયમ એકાદશ જોય;
તાકી વિક્તિ કહત હું
સુનિયે સબ ચિત્ત પ્રોય..૭

હિંસા ન કરની જંતકી,
            પરત્રિયા સંગકો ત્યાગ;
માંસ ન ખાવત મદ્યકું,
            પીવત નહિ બડભાગ...૮
વિધવાકું સ્પર્શત નહિ,
            કરત ન આતમઘાત;
ચોરી ન કરની કાહુકી,
            કલંક ન કોઈકું લગાત...૯
નિંદત નહિ કોઈ દેવકું,
            બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનસે,
            કથા સૂની નહિ જાત...૧૦
એહી ધર્મકિ નિયમમે,
            વરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદ પદ,
            છોડી ઓર સબ આશ..૧૧
રહી એકાદશ નિયમમેં
            કરો શ્રીહરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં,
            જાઓ નિઃશંક જગજીત..૧૨

## •જયઘોષ•

- સહાજાનંદ સ્વામી મહારાજની જય
- ઘનશ્યામ મહારાજની જય
- ધર્મભકિત હરિકૃષ્ણ મહારાજની જય
- બાપાશ્રીની જય
- સદ્‌ગુરુશ્રીની જય
- સ્વામિનારાયણ ભગવાનની જય

## •દંડવત્ સ્તુતિ•

વિશ્વેશ છો સકળ વિશ્વ તણા વિધાતા,
ત્રાતા તમે સકળ મંગળ શાંતિદાતા;
માટે તમારું કરુણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરુ હું પ્રણામ...૧
અજ્ઞાનપાશ કરુણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃતિ રાખો;
ભકતોનું પાલન કરો પ્રભુ સર્વ યામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ...૨
શ્રી વાસુદેવ વિમલામૃતધામ વાસં ।
નારાયણં નરકતારણ નામધેયમ્ ।

શ્યામ સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજ ચ ।
ત્વાં ભકિતધર્મતનયં શરણ પ્રપદ્યે ॥
ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ।
ત્વમેવ બન્ધુ શ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ।
ત્વમેવ સર્વ મમ દેવદેવ ॥
નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા,
સધર્મભકતેરવનં વિધાતા ।
દાતાસુખાનાં મનસેપ્સિતાનાં,
તનોતુ કૃષ્ણોડખિલમંગલં નં. ॥

**• સ્તુતિ • શ્લોક •**

આવી અક્ષરધામથી અવનીમાં,
જે દેહધારી થયા;
આપ્યાં સુખ અપાર ભકતજનને,
દિલે ધરીને દયા.
કીધા ચારુ ચરિત્ર ગાન કરવા,
જેણે કરુણા કરી;
વંદુ મંગળ મૂર્તિ ઉર ધરી,

સર્વોપરી શ્રીહરિ...૧

જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો,
લૈ તીર્થમાંહી ફર્યા;
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલાવ્યો,
યજ્ઞાદિ મોટા કર્યા.
મોટા ધામ રચ્યાં રહ્યા ગઢપુરે,
બે દેશ ગાદી કરી;
અન્તર્ધાન થયા લીલા હરિતણી,
સંક્ષેપમાં ઉચ્ચરી...૨

જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે,
વેદો સ્તુતિ ઉચ્ચરે;
જેના રોમ સુછિદ્રમાં અણુસમા,
બ્રહ્માંડ કોટિ ફરે.
માયા કાળ રવિ શશી સુરગણો,
આજ્ઞા ન લોપે ક્ષણ;
એવા અક્ષરધામના અધિપતિ,
શ્રી સ્વામિનારાયણ...૩

શ્રીજીની ઈચ્છા થકી જ પ્રગટ્યા,
બાપા દયા દિલ ધરી;
વચનામૃત સુગૂઢ કેરી વા'લે,
રહસ્યાર્થ ટીકા કરી.
મૂર્તિમાં રસબસ જનોને કરવા,
બે ભાગ વાતો થઈ;
પુરુષોતમલીલામૃત ગ્રંથ કર્યો,
વર્ણીનું દ્વાર લઈ.-૧
જે મુમુક્ષુ આ દિવ્ય ગ્રંથ સુણશે,
હેતે કરી વાંચશે;
કરશે દર્શન સ્પર્શ જાણી મહિમા,
ઉત્તમ સુખ માણશે.
આશીર્વાદ દિધો અતિ બળ ભર્યો,
પોતાનું બિરુદ ગણી;
પામી આનંદ જય બોલો
શ્રીજી ને બાપા તણી.-૨
જે હરિ અક્ષરધામ માંહી રાજે,
સર્વોપરી છે સદા;
જે નર વિગ્રહધારી નાથ થઈને,

સુખિયા કરે સર્વદા.
એવી સુખમય મૂર્તિમાંજ રહે છે,
મુકતો અનાદિ ઘણાં;
પયમિસરીવત્ પ્રેમપૂર્ણ રાચે,
એ સુખ મહીં ના મણા.-૩
એવા મુકત સદાય નાથ સંગે
એ નાથ સાથે મળ્યા;
જેણે રૂપ અનુપ આજ ઘરિયું,
સ્હેજે ન જાયે કળ્યા.
એવા સિધ્ધ સ્વતંત્ર મુકત કહીએ,
સંકલ્પ સુખકંદના;
જેણે જીવ અનેક આજ તાર્યા,
તેને કરું વંદના.-૪

આવ્યા અક્ષરધામના રાજા,
સર્વોપરિ શ્રીહરિ;
સહજાનંદ ઘનશ્યામ નામધારી,
શ્રીજી દયા દિલ ધરી;
જાણી બિરુદ નાથ સનાથ કરવા,

પૃથ્વી પરે વિચર્યા;
ખમ્મા શ્રી ઘનશ્યામ તમોને ખમ્મા,
રસબસ અમોને કર્યા.-૫

વર્ણિવેશ રમણીય દર્શનં,
મન્દહાસ રુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા,
ધર્મનન્દનમહં વિચિન્તયે ॥

કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા,
બુદ્ધયાત્મનાવા પ્રકૃતેઃ સ્વભાવાત્ ।
કરોમિ યદ્યત્સકલં પરસ્મૈ
નારાયણાયેતિ સમર્પયામિ ॥

## ધ્યાન પ્રાર્થના

ચંપો કુંદ ગુલાબના હરિજનો, હારો ઘણા લાવીને;
પૂરી છે નિજહામ ભકિતસુતને, પ્રેમથી પહેરાવીને.
વાઘો ને સુરવાલ શેલું ફૂલનું ધારી શિરે પાઘડી;
કંદોરો કરમાં કડાં ચરણમાં, તોડા તથા ચાખડી.
કાને કુંડળ કાજુબાજુ ફૂલના, ઉરે ધરી ઉતરી;
ઉતારી શુભ આરતી સ્તુતિ કરી, રાજી થજો શ્રીહરિ

# સાયં પ્રાર્થના

કંઠીમાળ કમંડળુ વળી ધર્યો સત્શાસ્ત્રનો ગુટકો ।
શાળગ્રામ તથા સુપાત્ર જમવા પાસે ન પૈસો ટકો ॥
પાણી ગાળણ વસ્ત્ર કોપિન તથા બીજુ બહિર્વાસ છે ।
કૂવેથી જળ કાઢવા સુતરની દોરી હરિ પાસ છે ॥

બિરાજે શુભ શાંત આ હૃદયમાં, કલ્યાણકારી હરિ ।
છોજી અક્ષરધામના અધિપતિ, પ્રત્યક્ષ સર્વોપરિ ॥
સર્વે અક્ષરમુકતને હૃદયમાં, સ્નેહ કરીને સમરું ।
જેથી હે કરુણાળુ ! મોહતણું તો તે દુઃખ જાએ પરૂં ॥

આદૌ પ્રેમવતી વૃષાંગજનનં સન્નેકતીર્થાટનં ।
દુષ્કર્મોપશમં ચ સાધુશરણં સદ્ધર્મસંથાપનમ્ ॥
હિંસાવર્જિતભૂરિયજ્ઞકરણં મૂર્તિ પ્રતિષ્ઠાપન ।
માર્ચ સ્થાપનમક્ષરાખ્ય ગમનં સત્સંગિ સજીવનમ્ ॥

શ્રીમચ્છારદ પૂર્ણચંદ્રવિલસત્સ્મેરાનનં શ્રીહરિં ।
તુંગે પીઠવરે સ્થિત પરિવૃત સદ્‌ભકતવૃન્દૈર્યથા ॥
તારાભિઃ વિંધુમર્ચ્યમાનમુરુધા તૈઃ ચંદનૈઃ કાસુમે : ।
હારૈઃ શેખર પંકિતભિશ્ચ હૃદયે શુકલાંબરં ચિન્તયે ॥

સ્નાતં ચંદનચર્ચિત નિજજનૈઃ પુષ્પસૃજાલંકૃતં ।

# સાયં પ્રાર્થના

પ્રાતઃ સૂર્યમયુખ સેવિત મુખં શ્રી ચંદ્રશાલોપરી ।
ધૃત્વા રોટકમેકપાણિતલકે ભંકૃત્વાડન્યહસ્તેન તં ।
ભુંજાનાં પ્રવિલોક્યસેવકગણાન્ વન્દે સદાસ્વામિનમ્ ॥

## • સ્તુતિ •

નમન હું કરું વિશ્વપાલને, કરગરી કહું ભકિતબાળને
અરજ માહરી ઉરમાં ધરો, વિપત માહરી શ્રીહરિ હરો
અવર આશરો માહરે નથી, સર્વ જાણને શું કહું કથી
અવર આશરો માહરે નથી, સર્વ જાણને શું કહું કથી
કઠણકાળમાં આપ છો ધણી, સુખદ શ્યામળા મુકતના મણી
અમરના પતિ આશ તાહરી, રસિક રાખજો લાજ માહરી
પ્રણતપાળ છો સર્વના પ્રભુ, દીનદયાળ છો વિશ્વના વિભુ
વિમલ મૂરતિ ઉરમાં વસો, નજરથી પ્રભુ દૂર ન થશો
અધિક ત્રાસને તોડી નાખજો, બ્રહ્માનંદને પાસ રાખજો

## • પ્રાર્થના •

હે પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ, પરબ્રહ્મ જય સર્વોપરી,
સુખકંદ સહજાનંદજી, કમનીય મૂર્તિ માધુરી;
છો વિમલ અમૃતધામવાસી, સૌખ્યરાશિ શ્રીહરિ,
હે ભકતજન પ્રતિપાળ, રાખો શરણમાં કરુણા કરી.૧
હે અખિલ વિશ્વાધાર તનુ, સાકાર તેજોમય મહા,
અગણિત બ્રહ્માંડો ઉડે, તવ ધામ અક્ષરમાં અહા;

છો સકલ વિભૂતિ દિવ્ય શકિત, આપમાંથી ઉતરી,
હે ભકતજન પ્રતિપાળ, રાખો શરણમાં કરુણા કરી.૨
અવતાર લઇ અવની વિષે, સદ્ધર્મની ગ્લાની સમે,
નિજભકત કારણરૂપ બહુ, બહુ ધારીને વિચરો તમે;
ઉત્થાપી મૂળ અર્ધમના, સદ્ધર્મ સ્થાપો છો ફરી,
હે ભકતજન પ્રતિપાળ, રાખો શરણમ્ર કરુણા કરી.૩
આ સમયમાં સામર્થ્ય રૂપ ગુણ, પ્રગટ પૂર્ણ કર્યા પ્રભુ,
ભવમાં ભટકતા જીવનું અજ્ઞાન ઘન હરવા વિભુ;
સદ્ધર્મ ભકિત જ્ઞાન ને, વૈરાગ્યની વૃષ્ટિ કરી,
હે ભકતજન પ્રતિપાળ! રાખો શરણમાં કરુણા કરી૪

## •કીર્તન રસ થાળ•

## રાગ-ગરબી, પદ-૧

કોડે કોડે એકાદશી કીજીએ રે
એવું વ્રત જાવા નવ દીજીએ રે-કોડે૦૧
એ વ્રત કરે તે ધન્ય માનવી રે,
તે તો નાહ્યો કોટિકવાર જાહ્નવી રે-કોડે૦૨
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યુ રે,

તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે-કોડે૦૩
એનો મહિમા મુનિવર ગાય છે રે,
અવિનાશી મળ્યાનો ઉપાય છે રે-કોડે૦૪
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસી રે,
કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે-કોડે૦૫

### રાગ-ગરબી, પદ-૧

હરિજન હોય તે હરિને ભજે રે,
વ્રત એકાદશી તે કદી નવ તજે રે-હરિ૦૧
જાણે માત સમાન પરનારને રે,
ગણે તુચ્છ સરીખો સંસારને રે-હરિ૦૨
મદ્ય માંસ હરામ જેને નવ ખપે રે,
જીભે રાત દિવસ પ્રભુને જપે રે-હરિ૦૩
માયા જીવ ઈશ્વરના જાણે મર્મને રે,
રટે બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે-હરિ૦૪
બ્રહ્માનંદના વહાલાની છબી ઉર ધરે રે,
મતવાલો થઈને જગમાં ફરે રે-હરિ૦૫

## રાગ-ગરબી, પદ-૧

અલબેલાજી મારે ઓરડે રે, આવોને અલબેલા
હું તો મોહિ છું બાજુ કેરે બોરડે-આવોને૦
વહાલા ભાવે કરીને સામું ભાળતા રે-આવોને૦
હાથે ફૂલદડાને ઉછાળતા રે-આવોને૦
માથે સુંદર છોગલા મેલતા રે-આવોને૦
રંગભીનાજી રંગડો રેલતા રે-આવોને૦
મારા તનડાના તાવ નિવારવા રે-આવોને૦
બ્રહ્માનંદનો જનમ સુધારવા રે-આવોને૦

## રાગ-ગરબી, પદ-૧

સખી ગોકુળ ગામના ચોકમાં રે,
ખાંતે માંડ્યો રસીલે ખેલ;
રમે રાસ રંગીલો રંગમાં રે-ટેકો૦
ચહુકોરે સખાની મંડળી રે,
ઉભા વચમાં છેલો અલબેલ-રમે૦૧
સખી ચાલોને જઈએ દેખવા રે,
વા'લે પહેર્યા છે વસ્ત્ર શોભિત રે-રમે૦૨
તાળી પાડે રૂપાળી તાનમાં રે,
મુખે ગાવે મનોહર ગીત-રમે૦૩

શોભા બની સલૂણા શ્યામની રે,
ઉભી વ્રજની નારી જોવા કાજ-રમે૦૪
હસી હેરે છબીલો હેતમાં રે,
બ્રહ્માનંદનો વહાલો વ્રજરાજ-રમે૦૫

## રાગ-ગરબી, પદ-૧

વાલા લાગો છો વિશ્વ આધારે રે,
સગપણ તમ સાથે;
મેં તો સર્વે મેલ્યો સંસાર રે-સ૦૧
મારા મનમાં વસ્યા છો આવી શ્યામ રે-સ૦
તમ સારું તજ્યા ધન ધામ રે-૦૦૨
મારૂ મનડું લોભામણું તમ પાસ રે-સ૦
મને નથી બીજાની આશ રે-સ૦૩
મારે માથે ધણી છો તમે એક રે-સ૦
મારી અખંડ નિભાવજો ટેક રે-સ૦૪
મે તો દેહ ધર્યો છે તમ કાજ રે-સ૦
તમને જોઇ મોહી છું વ્રજરાજ રે-સ૦૫
હું તો હેતે વેચાણી તમ હાથ રે-સ૦
છો બ્રહ્માનંદના નાથ રે-સ૦૬

## રાગ-ગરબી, પદ-૧

તારે ચટક રંગીલો છેડલો અલબેલા રે,
કાંઈ નવલ કસુંબી પાઘ રંગના રેલા રે.
શિર અજબ કલંગી શોભતી-અલ૦
હૈડામાં રાખ્યા લાગ-રંગ૦૧
મોળીડું છાયું મોતીએ-અલ૦
ફુલડાની સુંદર ફોર-રંગ૦૨
ઘેરે રંગે ગુચ્છ ગુલાબના-અલ૦
જોઈ ભ્રમર ભમે તે ઠોર-રંગ૦ઘ
તારી પાઘલડીના પેચમાં-અલ૦
મારૂ ચિત્તડું થયું ચકચૂર-રંગ૦૪
બ્રહ્માનંદ કહે તારી મૂરતી-અલ-૦
વણદીઠે ઘેલી તૂર-રંગ૦૫

## રાગ-ગરબી, પદ-૧

તારી મૂરતી લાગે છે મને પ્યારી રે
શ્રી ઘનશ્યામ હરિ;
રૂડી ચાલ જગતથી ન્યારી રે-શ્રી૦૧
ઊંડી નાભી છે ગોળ ગંભીર રે-શ્રી૦
રૂડા લાગો છો શ્યામ શરીર રે-શ્રી૦૨
તારી છાતી ઉપડતી શ્યામ રે-શ્રી૦
છે જો લક્ષ્મી કેરૂં ધામ રે-શ્રી૦૩

તારા મુખની શોભા જોઇ રે-શ્રી૦
રાખું અંતરમાં પ્રોઇ રે-શ્રી૦૪
તારા નેણાં કમલ પર વારી રે-શ્રી૦
મંજુકેશાનંદ બલિહારી રે-શ્રી૦૫

**<u>રાગ-ગરબી, પદ-૧</u>**

આજ મેં તો દીઠા વહાલાને વાટ વહેતા;
નેણાં રોકયા નથી રહેતા રે બેની-આજ૦
પાઘડી બાંધી છે ત્રિલોક થકી ન્યારી,
ધીરજ રહેતી નથી મારી રે બેની-આજ૦૧
ચોળ રંગીલો રુડો મોળીડાનો છેડો,
ભુલી ભાળીને જળબેડો રે બેની-આજ૦૨
ટુણા ભર્યા છે એના ફુલડાને તોરે,
મનને તાણે છે જોરે જોરે રે બેની-આજ૦૩
બ્રહ્માનંદનો વહાલો કુંજનો વિલાસી,
હૈડે વસી છે એની હાંસી રે બેની-આજ૦૪

**<u>રાગ-ગરબી, પદ-૧</u>**

વહાલુ લાગે મને મોહન મુખ તારું;
છે જો પૂરણ ચંદ્ર થકી સારું
-વહાલુ૦૧
તારા મુખડાની મીઠી લાવનતા,
જોઇ કોટિ કોટિ કંદર્પ વારું-વહાલું૦૨

શુભ ગૌર કપોળે તિલ ત્રાજુ,
    તેમા લોભાણું મનડું મારું-વહાલું૦૩
તારા મુખની શોભા મરમાળા,
    નિત્ય નીરખી અંતરમાં ધારું-વહાલું૦૪
બ્રહ્માનંદ કહે વશ કીધી મુજને,
    છે જો કોડિલુ કામણગારું-વહાલું૦૫

## રાગ-ગરબી, પદ-૧

જનમ સુધાર્યો રે હો મારો,
    મળિયા નટવર નંદદુલારો;
કરુણા અતિશે રે હો કીધી,
    ભવજળ બૂડતા બાંચ ગ્રહી લીધી-૧
મુજ પર અઢળક રે હો ઢળિયા,
    કરૂણા કરી ઘેર બેઠા મળિયા-૨
મન દ્રઢ કરિયું રે હો મોરારિ,
    હવે હું થઈ રહી જગથી ન્યારી-૩
આનંદ ઉરમાં રે હો ભારી,
    શિર પર ગાજે ગિરિવર ધારી-૪
નિરભે નોબત રે હો વાગી,
    કહે મુકતાનંદ ભ્રમણા ભાંગી-૫

## રાગ-ગરબી, પદ-૧

જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,
આજ ધર્મવંશીને દ્વાર; નરનારી-જે૦
આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ,
વહાલો તરત ઉતારે ભવપાર; નરનારી-જે૦
જન્મ મૃત્યુના ભય થકી છૂટવા રે લોલ,
શરણે આવો મુમુક્ષુ જન; નરનારી-જે૦
શીદ જાઓ છો બીજે શિર કૂટવા રે લોલ,
હ્યાં તો તરત થાશો પાવન; નરનારી-જે૦
ભૂંડા શીદને ભટકો છો મતપંથમાં રે લોલ,
આવો સત્સંગ મેલીને મોક્ષરૂપ; નરનારી-જે૦
આણો પ્રેમે પ્રતીતિ સાચા સંતમાં રે લોલ,
થાશે મોક્ષ અતિશે અનુપ; નરનારી-જે૦
જૂઓ આંખ ઉઘાડીને વિવેકની રે લોલ,
શીદ કરો ગોળ ખોળ એક પાડ; નરનારી-જે૦
લીધી લાજ બીજા ગુરુ ભેખની રે લોલ,
કામ ક્રોધે વજાડી છે રાડ; નરનારી-જે૦
એવા અજ્ઞાની ગુરુના વિશ્વાસથી રે લોલ,
જાશો નરકે વગાડતા ઢોલ; નરનારી-જે૦
વાલો તરત છોડાવે કાળ પાશથી રે લોલ,
પ્રેમાનંદ કે આપે છે હરિ કોલ; નરનારી-જે૦

## રાગ-ગરબી, પદ-૧

વાલા રમઝમ કરતા કાન,
મારે ઘેર આવો રે,
મારા પૂરા કરવા કોડ,
હસીને બોલાવો રે-૧
મારે તમ સંગ લાગી પ્રિત,
શ્યામ સોહાગી રે,
મે તો તમ સંગ રમવા કાજ,
લજ્જા ત્યાગી રે-૨
વાલા અબળા ઉપર મહેર,
કરજો મોરારી રે,
હું તો જન્મોજનમની નાથ,
દાસી તમારી રે-૩
મારા પ્રાણ તણા આધાર,
પ્રીતમ પ્યારા રે,
પળ રહોમાં નટવર નાવ,
મુજથી ન્યારા રે-૪
આવો છોગા મેલીને શ્યામ,
ધડક મ ધારો કે,
મેં તો ફુલડે સમારી સેજ
શ્યામ સુધારો રે-૫

વાલા નયણાં તણું ફળ આજ,
મુજને આપો રે,
મુકતાનંદ કહે મહારાજ,
દુઃખડાં કાપો રે-૬

## રાગ-ગરબી, પદ-૧

મારે આજ પ્રિતમ ઘેર આવશે,
મને હેતે કરીને બોલાવશેજીરે-મારે૦
એના સાથીડાને સાથે લાવશે,
કરી લટકા તાળી દઈ ગાવશેજીરે-મારે૦
હરિ હેતે કરીને સામું ભાળશે,
રંગડાની તે રેલુ વાળશેજીરે-મારે૦
કરી ખ્યાલ અલૌકિક ખેલશે,
માથે ફુલડાનાં છોગલાં મેલશેજીરે-મારે૦
બ્રહ્માનંદનો સ્વામી શ્યામળો,
સુખ દેશે આવીને ઉતાવળોજીરે-મારે૦

## રાગ-ગરબી, પદ-૧

હરિ હૈયાના હાર છો,
જીરે તમે હરિ હૈયાના હાર છો,
સેજ તણા શણગાર છો જીરે. ૦
મુખથી શું ઘણું કહીએ મોહન રે,
પ્રાણ તણા આધાર છો-જીરે૦૧
વાલપણામાં અતિશે વહાલા રે,
નટવર નંદકુમાર છો-જીરે૦૨

દુરિજનિયાને દૂર ઘણા છો રે,
　　　　પ્રેમી તે જનના પ્રાણ છો-જીરે૦૩
મુકતાનંદ કે નરનાટક ધારી રે,
　　　　શરણાગતના સાર છો-જીરે૦૪

**પદ-૨**

નયણાં ઠરે છે જોઈને રે,
　　　　મારાં નયણાં ઠરે છે જોઈને;
રહી છું મોહન સંગ મોહીને રે-મારા૦૧
જે દિનમાં દર્શન નવ પામું રે,
　　　　તે દિન વીતે રોઈનેરે-મારા૦૨
લોકડીયાની લાજ ન રાખું રે,
　　　　કે મર વેણ વગોઈને-મારા૦૩
શ્યામ વિના હું ચૌદ ભુવનમાં રે,
　　　　રંગે ન રાચું કોઈને રે-મારા૦૪
મુકતાનંદ મોહનવર પામી રે,
　　　　કુળ મરજાદા ખોઈને રે-મારા૦૫

**રાગ-ગરબી,પદ-૧**

લટકાળો લટકંતો રે આવે,
　　　　મોહન મોરલી વાતો રે-લટ૦
સખાને સંગે અતિ ઉછરંગે,

ગીત મધુરાં ગાતો રે-લટ૦૧
કેસરીએ વાઘે કસુંબલ પાઘે,
કેસર રંગમાં રાતો રે-લટ૦૨
ફુલડાના તોરા ગજરા ને ટોપી,
ફુલડાને હારે ફુલાતો રે-લટ૦૩
નિષ્કુળાનંદનો સ્વામી શામળીયો,
આવે અમીરસ પાતો રે-લટ૦૪

## રાગ-ધોળ,પદ-૧

આજ સખી આનંદની હેલી,
હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી;
મહા રે મુનિના ધ્યાનમાં નાવે,
તે રે શામળિયોજી મુજને બોલાવે;
જે સુખને ભવ બ્રહ્મા રે ઈચ્છે,
તે રે શામળિયોજી મુજને રે પ્રીછે,
ન ગઈ ગંગા ગોદાવરી કાશી,
ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી;
તપરે તીર્થમાં હું કાંઈ નવ જાણું
સહેજે સહેજે હું તો સુખડા રે માણું;
જેરામ કહે સ્વામી સહેજે રે મળિયા,
વાતની વાતે વાલો અઢળક ઢળિયા.

## રાગ-મેવાડી,પદ-૧

મનડું લોભાણું મારું, મનડું લોભાણું મારું;
મનડું લોભાણું મારું, સુલણો જોઈને
મનડું લોભાણું મારું-ટેક૦
શુ કરે સંસારી ખોટા,
પાણી કેરા પરપોટા;
તેની બીક શીદ ધારૂં રે-સલુણો૦
શ્યામળો સ્નેહી ભેટી,
જગ કેરી શંકા મેટી;
સર્વે મુને થયું ખારૂં રે-સલુણો૦
બંધાણું હરિથી બેલું
શિર જાતે નવ મેલું
વહાલા માથે તન વારૂં રે સલુણો૦
બ્રહ્માનંદ કેરે નાથે,
હેત કરી ઝાલી હાથે;
સધર્યું કારજ સારું રે-સલુણો૦

## રાગ-ધોળ,પદ-૧

મહારાજ આજ વડતાલથી આવશે;
સંગે લાવશે સંતસમાજ, મોહનવર પધારશે-૧
જયા કહે લલીતાને વાતડી,
આવ્યો કાગળ દિવસ વિત્યા સાત,
વાંચીને ઠરી છાતડી-૨
અક્ષર કાગળમાં ઉત્તમ ભૂપના;

કાગળ અવધી પુરી થઇ આજ,
દર્શન સુખરૂપનાં-૩
સાત દિવસે મહારાજ સંત આવશે,
લખ્યા વડતાલથી સમાચાર,
જરૂર પધારશે-૪
આવી માણકી દાદાના દરબારમાં,
નીરખી સહજાનંદ ભગવાન,
શોભે અસવારમાં-૫
પ્રેમાનંદ કહે ગઢપુરવાસી આવિયા,
લાવ્યા ભેટ સામગ્રી ને હાર,
વહાલાને પહેરાવિયા-૬

## <u>રાગ-મઢ,પદ-૧</u>

માણકીએ ચડયા રે મોહન વનમાળી,
શોભે રૂડી કરમાં લગામ રૂપાળી -મા૦
માણીગર સૌને કહે છે થાઓ ત્યાર,
મુનિ વરણી પદાતીને અસવાર,
વ્રતપુરી જાવા કર્યો નિરધાર -મા૦
કેસર કેરી બોદલીને ફૂલમાળ,
તાજણ તીખી વાંગળીનો ઘણો તાલ,

શોભે ઘણાં વાલા લાગે છે મરાળ -મા૦
પ્રેમી ભક્ત વિનંતિ કરે દોડી દોડી,
લોહચુંબક તુલ્ય વૃત્તિ મૂરતિમાં જોડી,
નથી જાતી દરબારમાંથી ઘોડી -મા૦
આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી,
જાઓ પ્રભુ રામનવમી નથી દુરી,
સેવક દાસ પ્રેમાનંદ હજૂરી -મા૦

**<u>રાગ-ગરબી,પદ-૧</u>**

સાંભળ બે'ની હરિ રિઝયાની રીતડી,
મોહનવરને માન સંગાથે વેર જો;
સાધન સર્વે માન બગાડે પળ વિષે
જેમ ભળિયું પયસાકરમાં અહિઝેર જો -૧
દાસી થઇ તુ રહેજે દીનદયાળની,
નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો;
ભવબ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી,
પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો-૨
પ્રીત કરે પુરુષોત્તમ સાથે નિત્ય નવી,
દાઝીશમા દેખી કે'નું સન્માન જો,
મુક્તાનંદનો નાથ મગન થઇ સેવજો,
તો રીઝે રસિયો સુંદરવર કહાન જો-૩

## રાગ-ગરબી,પદ-૧

મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે,
ચિંતવન કરવા ચિત્ત આતુર-મનડું૦
તરૂણ મનોહર મૂર્તિ નાથની રે,
રાજીવ લોચન જોબનપૂર-મનડું૦
સોળે ચિહ્ન સહિત અતિ શોભતિ રે,
સુંદર ચરણ કમળની જોડ-મનડું૦
હળવી રહીને હેતે ચાંપતી રે,
ક્યારે હવે પૂરશે મનનાં કોડ-મનડું૦
પીંડી જાનું નિત્ય નીરખતી રે,
રૂડા સાથળ ચિહ્ન સહિત-મનડું૦
શ્યામ કટિ જોઈ જાદવરાયની રે,
નિત્ય નિત્ય નૌતમ ઉપજે પ્રીત-મનડું૦
ઊંડી નાભી કમળ સરીખડી રે,
ત્રિવળી નીરખી ઉદરમાંય-મનડું૦
છાતી ઉપડતી અતિ ઓપતી,
હવે ક્યારે ભુજગ્રહી બાથ ભરાય-મનડું૦
મુખની શોભા જોઈ મહારાજની રે,
લાજે પંકજ પૂરણચંદ-મનડું૦
નાસા નેણ ભૃહ જોઈ ભાલને રે,
જાય બલિહારી પ્રેમાનંદ-મનડું૦

## રાગ-ધોળ,પદ-૧

પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે,
ભક્તિ માતા ધર્મ તાતનું નામ રે;
કૌશલ દેશમાં ધર્યો અવતાર રે,
નોમ અજવાળી રુડો ચૈત્ર માસ રે,
તેડાવો જોશીને પૂછાવો નામ રે,
નામ ધર્યું રૂડું શ્રીઘનશ્યામ રે;
મુખડું શોભે અતિ બાલુડે વેષ રે,
સુંદર ભુરા માથે નાના કેશ રે;
હરખે ઝુલાવે માતા દૂધસાકર પાય રે,
માતાને મન જાણે વહેલા મોટા થાય રે;
રડતા રમાડતા પારણિયે પોઢાડે રે,
રેશમી દોરી લઈ હીંચકાવે રે;
પોઢો પોઢો પ્રભુ જગના આધાર રે,
પ્રેમાનંદ નિત્ય નવી લીલા ગાવે રે;

## રાગ-પ્રભાતી,પદ-૧

આજ સખી મને સ્વપ્નું લાધ્યું,
અવિનાશી ઘેર આવ્યા રે;
ભૂધરજીને ભાવ કરીને,
મંદિરમાં પધરાવ્યા રે-આ૦૧
જરકસી પાઘે જરકસી વાઘે,

અત્તરમાં રસબસતા રે;
આવીને ઉભા મારી આગે,
હરિવર સુંદર હસતા રે-આ૦૨
રમઝમ કરતાં મનડું હરતા,
સુંદર મોરલી હાથે રે;
લલિત નવીન કલંગી લટકે,
મેલ્યાં છોગા માથેરે-આ૦૩
મૂર્તિ નવલ મનોહર મીઠી,
મીઠી મુખની વાણી રે;
સુંદર વરની સુંદર શોભા
જોઈને હું લોભાણી રે-આ૦૪
મોહનજીને મળતા હું તો,
અતિશે આનંદ પામી રે,
આવી વહાલો અઢળક ઢળીયા,
બ્રહ્માનંદનો સ્વામી રે-આ૦૫

પદ-૧

સુંદર શ્રી ઘનશ્યામ મારા,
મન મંદિરમાં આવો રે;
અંતર દાઝી રહ્યુ છે વહાલા,
દર્શનનો ઘો લાવો રે-સુંદર૦૧
અપરાધી છું જનમ જનમનો,

દયા હવે કંઈ લાવો;
જુઠા જગતમાં ભૂલો પડયો છું,
રસ્તો કંઈક બતાવો રે-સુંદર૦૨
પીળા પીતાંબર જરકસી જામો,
મુગટ ધારી આવો;
એક વાર પ્રભુ દર્શન આપી,
ભક્તિનાદ ગજાવો રે-સુંદર૦૩
રોજ ઉઠી શું કહેવું પ્રભુજી,
એક દિવસ તો આવો;
દીન દયાળુ દર્શન આપો,
શુ અમને તલસાવો રે-સુંદર૦૪
સ્વામિનારાયણ હૃદયમાં આવો,
ત્રિવિધ તાપ શમાવો;
હૈયા હીણો આવ્યો આંગણિયે,
મારા મનને ભાવો રે-સુંદર૦૫

## રાગ-મેવાડી,પદ-૧

સહજાનંદ સુખકારી (૨)
સહજાનંદ સુખકારી,
સલુણી છબી સહજાનંદ સુખકારી રે-ટેક૦
વેદાંતી અરૂપી કે' છે,
ન્યાય અનુમાને લે'છે,

તે વહાલો સંતોમાં રે'છે રે-સલુણી૦૧
નિગમ કહે અનુમાને,
મુનિવરને નાવે ધ્યાને;

વહાલો તે આ ભીને વાને રે-સલુણી૦૨
સર્વકરતા સર્વા ધારો,
સર્વમાંહિ સર્વથી ન્યારો

પ્રગટ રૂપ તે આ પ્યારો રે- સલુણી૦૩
જગજીવન અંતરજામી, નામ સર્વનો છે નામી;
તે આ બ્રહ્માનંદનો સ્વામી રે-સલુણી૦૪

## રાગ-ગરબી,પદ-૧

શ્યામ સલુણો આવ્યા, શ્યામ સલુણો,
ધન્ય ઘડી છે આજની રે-આ૦
વા'લો પધાર્યા એવી સાંભળી વધામણી
સુરત ભૂલી ઘરકાજની રે-આ૦
સામૈયું લઈને ચાલી વા'લાને વધાવવા,
શંકા ન રાખી લોકલાજની રે-આ૦
વાજાં નગારાં ઢોલ શરણાઈ વજાડી,
કરો ધૂન તાલ પખાજની રે-આ૦
બ્રહ્માનંદ કહે આવી વસી મારે અંતરે,
સૂરત રસિક વ્રજરાજની રે-આ૦

## રાગ-ધોળ,પદ-૧

સર્વે સખી જીવન જોવાને ચાલો રે,
શેરડિયુંમાં આવે લટકંતો લાલો રે-૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે,
જેને નિગમ નેતિ નેતિ કરી ગાય રે-૨
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે,
છબી જોઇ કોટિક કંદર્પ લાજે રે-૩
મળ્યાં આવે મહામુનિના વૃન્દ રે,
તેમાં શોભે તારે વિંટયો જેમ ચંદ રે-૪
શુક સનકાદિક ઉત્તમ જશ ગાવે રે,
નૃત્ય કરી નારદ વીણા બજાવે રે-૫
નિજ સખા ચમર કરે લઈ હાથ રે,
આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે-૬

## રાગ-ગરબી,પદ-૧

વા'લો વધાવું, મારો વા'લો વધાવું,
આજની ઘડી રળિયામણી રે-મારો૦
પ્રાણજીવન મારે મંદિરે પધાર્યા,
હાર પેરાવું હીરામણિ રે-મારો૦
કાનકુંવર અળવીલાને કારણે,
જતને રાખ્યા છે દહીં જામણી રે-મારો૦
ચોખા રાંધીને કાજુ આપીશ સવારમાં,

સાકરને દૂધની શીરામણી રે-મારો૦
બ્રહ્માનંદના રંગભીના વા'લાની કરું,
પ્રીતે સહિત પધરામણી રે-મારો૦

## રાગ-ગરબી,પદ-૧

શ્યામ પધારો ઘનશ્યામ પધારો,
શ્યામ પધારો ફુલવાડિયે રે-ઘન૦
ફુલડાં ભરીને બાંધ્યો ફુલ હિંડોળો,
હરિવર હેતે ઝુલાડીયે રે-ઘન૦૧
પ્રીતડી કરીને બહુ પાક બનાવ્યા,
જીવન જુગતે જમાડીયે રે-ઘન૦૨
ફુલોના હાર તોરા ગજરા પહેરાવીએ,
ફુલની પછેડી ઓઢાડીયે રે-ઘન૦૩
પ્રેમાનંદ કે ગાઈ ગુણ તમારા,
તાલ મૃદંગ બજાડીયે રે-ઘન૦૪

## રાગ-ગરબી,પદ-૧

સુણો ચતુર સુજાણ (૨)
એમ ન ઘટે રે તમને દીનાનાથજી
મારા પ્રાણના આધાર, (૨)
જેમ રાખો તેમ રહીએ વચનને સાથજી-ટેક૦
અમે તમ કારણ સહ્યાં મેણાં
નાથ નિરખવાને સુણવાં વેણાં;

અમે તૃપ્ત નવ કીધાં નેણાં-સુણો૦૧
અમે લોકલાજ કુળની લોપી,
અમે કહેવાયા ગિરધરની ગોપી;
અમે તમ કારણ પહેરી ટોપી-સુણો૦૨
પહેલી પ્રીત કરી શીદને આગે,
દૂધ દેખાડી ને માર્યા ડાંગે;
પછી તેને તે કેવું વસમું લાગે-સુણો૦૩
કાંઈ દયા આવે તો દર્શન દેજો,
નહિ તો અખંડ અંતરમાં રહેજો;
એમ શ્રીરંગના સ્વામીને કહેજો-સુણો૦૪

## રાગ-કાફી,પદ-૧

આજ મેં તો ભેટયા રે, અંકભર પ્રગટ હરિ,
આનંદ ઉદીયો રે, નિરખી નજર ઠરી,
ધન્ય સખી દિન આજનો
વળી ધન્ય મુહરત ધન્ય વાર,
કરુણાનિધિ મુજ કારણે,
મારે મંદિર પધાર્યા મોરાર,
દુર્બલ જાણી રે, મુજ પર મહેર કરી
સ્વઈચ્છા આવ્યા ચાલીને,
આગુની ઓળખાણ,
તનમન ધન મોહન છબી ઉપર,

કરી નાખુ કુરબાણ,
અઢળક ઢળીયા રે, સખી મુને અભર ભરી
હું સુતી'તી ભર નિદ્રામાં,
જગવી શ્યામ જરૂર,
ભેટંતા અંતરથી ભાગ્યું,
મોહ માયાનું પૂર,
અંખિયા ઉઘડી રે, થઈ છે ખબર ખરી
સુંદર શ્યામ મનોહર સુરત,
મૂરતિ બેઉ સમાન,
બ્રહ્માનંદ થઈ છું રસબસ,
દેખંતા ગુલતાન,
શંકા મેટી રે, હું તો વર અમર વરી

## રાગ-ગરબી

મારે આનંદનો દિન આજ રે,
 પ્રભુ પ્રગટયા કલ્યાણને કાજ રે-૧
વાલો અનંત બ્રહ્માંડના ઈશ રે,
 શી શોભા વખાણું જગદીશ રે-૨
સહજાનંદ ચાખડિયે ચડિયા રે,
 વેઢ દશે આંગળીએ જડિયા રે-૩
હેમકડાં ને બાજુબંધ રે,
 મુખ શોભે પૂનમ કેરો ચંદ રે-૪
પે'રી ઉભા પીતાંબર જામા રે,

મુખ મરકે ને હરિ ને આવે હરિ સામા રે-૫
અંગરખે જડેલ લાલ બૂટી રે,
જાણે કિરણ્યુ સૂરજની ફૂટી રે-૬
વાલે પામરીની પલવટ વાળી રે,
માંહી રાખી છે વેણ રસાળી રે-૭
કેડે શોભે સોનેરી ફેંટો રે,
રૂડો લાગે રૂમાલને રેંટો રે-૮
કંઠે કૌસ્તુભમણિની માળા રે,
ફૂલ્યા ઉભા છે છેલ છોગાળા રે-૯
કાનુમાં કુંડળિયા છાજે રે,
હરિને માથે મુગટ બિરાજે રે-૧૦
કલંગીએ હીરા ઝળકે રે,
જેમ વીજ અષાઢી ચળકે રે-૧૧
વાલો ચાલે ચટકતી ચાલ રે,
હરિને ગલિયાં પડે છે ગાલ રે-૧૨
આવી હીંચે હીંડોળા ખાટ રે,
જન આવે દર્શન કરવા માટ રે-૧૩
છબી નીરખીને ચરણે પડે રે,

પૂજા અત્તર ચંદનની ચડે રે-૧૪
ઊડે અબીલ ગુલાલ અપાર રે,
ના'વે પીચકારીનો પાર રે-૧૫
હરીને છાંટયા કેસરિયા ઘોળી રે,
વાલો હોંસે રમાડે હોળી રે-૧૩
વિધ વિધનાં તે વાજા વાજે રે,
નગારા ત્રંબાળુ ગાજે રે-૧૭
વાલો જમાડયાની જુગતી જાણે રે,
ચંદનના ચોકા તાણે રે-૧૮
વાલો પીરસે ને પરચારે રે,
ન જમે તેને લાડવે મારે રે-૧૯
પંગતમાં પાંચવાર ફરિયા રે,
વાલો સર્વે સંતોને મળિયા રે-૨૦
ત્યાં મચ્યો છે પ્રેમનો કીચ રે,
સૌ સંતો રમે છે હીચ રે-૨૧
વાલો હસીને પાડે તાલી રે,
એવી લીલા અલૌકિક ભાળી રે-૨૨
એની શોભા તે શી વખાણું રે,
ભૂમાનંદ પરમ સુખ માણું રે-૨૩

## રાગ-ધોળ

સ્વામિનારાયણ આજ પ્રગટ મહામંત્ર છે,
શ્રવણે સાંભળતા કંપે દિનકરદૂત જો;
ભવનાં બંધન સદ્ય કાપી સુખીયાં કરે,
શું કહી દાખું મહિમા અતિ અદ્ભુત જો-સ્વા૦૧
અનેક પતિત ઓધાર્યા પૂરવે આ મંત્ર થકી,
અજામિલ ગનીકા આદિક અપાર જો,
તે મંત્ર આજ મહારાજે પ્રગટ કર્યો,
કળિમાં કરવા અનેક પતિત ભવપાર જો-સ્વા૦૨
સકામી જન સુમરી પામે ત્રિવર્ગને,
નિષ્કામી જન પામે પદ નિર્વાણ જો;
નામ તણા નામી સ્વામી પ્રગટ મળ્યા,
જે જનનાં શું કરૂં મુખે વખાણ જો-સ્વા૦૩
ભવ બ્રહ્મા મુનિ મુકત જપે આ મંત્રને,
તે સહુ પામ્યા મનવાંછિત સુખ સાજ જો;
પ્રેમાનંદ કહે કર જોડી સહુ જનને,
ભૂલશો માં અવસર આવ્યો છે આજ જો-સ્વા૦૪

## રાગ-ચમન કલ્યાણ

શ્રીજી મહારાજ માગું શરણ તમારું,
વહારે વહેલા અમારી આવજો;
સહજાનંદ વહેલા પધારજો-ટેક૦
આ રે સંસારમાં અનેક ઉપાધિ,
ત્રિવિધ તાપ બળે આધિ ને વ્યાધિ,
તેથી બહુનામી બચાવજો-સહજાનંદ૦

દુરીજનીયા મળી દુઃખ બહુ દે છે,
નહિ રે કહેવાના વચનો કહે છે;
એના અભિમાન ઉતરાવજો-સહજાનંદ૦
અમારે મન એક તમારી ટેક છે,
અમ જેવા તો પ્રભુ તમને અનેક છે;
પોતાનો જાણી નિભાવજો-સહજાનંદ૦
માગે કવિ માવદાન મદદ તમારી;
અલબેલા સહાય કરજો અમારી;
મુકત મંડળને સાથે લાવજો-સહજાનંદ૦

## શ્રીજી પ્રાગટયોત્સવ રાસ

(આજે રસિયો ચાલ્યા રાસમંડળ રમવા૦)
આજ પ્રગટયા પૂરણ બ્રહ્મ દુરિજન દમવા,
દુરિજન દમવા હરિજનને ગમવા-આજ૦ટેક

### સાખી

કૌશળ દેશ વિષે કહું, ગામ છપૈયા નામ;
વિપ્ર સરવરીયા વંશમાં, પ્રગટયા પૂરણકામ;
ધર્મ-ભકિત ને રૂડે આંગણ રમવા-આ૦૧

### સાખી

આનંદ સહુના અંગમાં, અતિસે રહ્યો ઉભરાય;
સુરનર મુનિવર સર્વનાં, ચિત્ત જોવા લલચાય
હરિહર, હર, ઈન્દ્ર આદિ આવ્યા નમવા-આ૦૨

## સાખી

પુરૂષોત્તમના જન્મથી હર અતિશે હરખાય;
જટા જુટ ખુલ્લો ધરી, તાંડવનૃત્ય કરી ગાય;
ડમરૂં ને ડાક લઈ લાગ્યા રમવા-આ૦૩

## સાખી

ધમધમઘુઘર ધમધમે, ડમડમ ડમરૂં ડાક;
ધમધમ ધરણી ધમધમે, હરગણ પાડે હાક;
ફણીધરે ફેણ સહસ્ત્રધરી, ધમક ખમવા-આ૦૪

## સાખી

મૂર્તિ નિરખી માવની, લાવ લીધો સુરરાય;
દુઃખ દારિદ્ર દુર થયા, માવદાન ગુણ ગાય;
સુર, મુનિ જન સર્વ દુઃખ લાગ્યાં શમવા-આપ૦૫

## સ્વામિનારાયણ મહામંત્ર ગમે

સ્વામિનારાયણ મહામંત્ર ગમે,
અહો રાત દિવસ મારા દિલમાં રમે,
વ્હાલે છપૈયા ધામમાં જન્મ ધરી,
વર્ણી વેષે હિમાચળે તપ કરી,
હરિએ લાખો મુનિઓની મુકિત કરી,
-સ્વામિનારાયણ૦
વ્હાલે ગુરુ રામાનંદથી દીક્ષા લીધી,
કચ્છ ગુજરાત સૌરાષ્ટ્રે લીલા કીધી
પ્રભુએ ભકતોની ભ્રાંતિ મીટાવી દીધી,
-સ્વામિનારાયણ૦
વ્હાલે વચનામૃતમાં રહસ્ય ભર્યું,

ધર્મ જ્ઞાન વૈરાગ્યનું પાત્ર ઠર્યું,
પરા ભકિત બતાવી કલ્યાણ કર્યું
-સ્વામિનારાયણ૦
વ્હાલે કૃપા કરી શિક્ષાપત્રી દીધી,
એમાં ચારે પુરૂષાર્થની સિદ્ધિ ચીંધી
એ છે સર્વે સત્સંગીની નૌતમ નિધિ
-સ્વામિનારાયણ૦
વ્હાલા પ્રત્યક્ષ સત્સંગમાં વિચરો,
માધવતીર્થની પ્રાર્થના ઉરમાં ધરો,
શ્રીજી દર્શન દઈને પાવન કરો,
-સ્વામિનારાયણ૦

## રાગ-ગરબી, પદ-૧

વસ્યો છે છોગલાં વાળો,
મારે મન વસ્યો છે છોગલાં વાળો-ટેક૦
છેલ છબીલો ને અજબ રંગીલો,
એનો ચપળ છે નેણનો ચાળો-મારે૦
જરકસી જામો ને પાઘ કસુંબી,
કમર કસ્યો છે કટારો;
કાને કુંડળ કંઠે મોતીડાની માળા,
એના સુરવાળનો ઝળકારો-મારે૦
કપુરની માળા કંઠે વિરાજે,
હેમકડાં બે હારો;
જમણી આંગળીએ વેઢ વીંટી વિરાજે,
એનો તોરો કુસુમનો ન્યારો-મારે૦

હૈડા પર હેમચંદ્ર પાચે છે પાવડી,
ઘૂઘરીનો ઘમકારો;
અટક મટક એની ચાલ ચટક,
બ્રહ્મચારી જેરામનો પ્યારો-મારે૦

## પ્યારી લાગે મૂર્તિ

મને પ્યારી લાગે મૂર્તિ તમારી,
ઘનશ્યામજી, પ્યારી લાગે મૂર્તિ તમારી-ટેક૦
કુંકુમનો ચાંદલો ને ભાલે તિલક વચ્ચે,
હાં રે તમે ભાળો ને ભ્રમણા ભુલાવી-ઘન૦
કાને કુંડલ હરિને માથે મુગટ શોભે,
હાં રે કંઠે ધારી માણેક જડી માળા-ઘન૦
જામો જરિયાની પહેર્યો સોનેરી સુરવાળ છે,
હાં રે તમારી કેડે કસ્યો છે કંદોરો-ઘન૦
મૂર્તિમાં મગ્ન થઈ ચરણોમાં ચિત્ત દઈ,
હાં રે જાય દાસ નારાયણ વારી-ઘન૦

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી,
ધુઓ કર ચરણ કરો ત્યારી-જમો૦ ટેક
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી,
કટોરા કંચનની થાળી;

જળે ભર્યા ચંબુ ચોખાળી-જમો૦ ૧
કરી કાઠા ઘઉંની પોળી,
મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢયો રસ કેરીનો ઘોળી-જમો૦ ૨
ગળ્યા સાટા ઘેબર ફુલવડી,
દુધપાક માલપૂવા કઢી;
પૂરી પોચી થઈ છે ઘીમાં ચડી-જમો૦૩
અથાણાં શાક સુંદર ભાજી,
લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી-જમો૦૪
ચળું કરો લાવી હું જળઝારી
એલચી લવીંગ સોપારી;
પાનબીડી બનાવી સારી-જમો૦૫
મુખવાસ મનગમતા લઈને,
પ્રસાદી થાળ તણી દઈને;
ભૂમાનંદ કહે રાજી થઈને-જમો૦૬

## રાત્રી ભોજનનો થાળ

રૂડી રાંધી મેં રસિયાજી,
ખાંતે ખીચડી રે-રૂડી૦ટેક.
ચોખા દાળ જતન કરી જોઈ,
નિર્મળ નીરે ધીરે ધોઈ

મધુરે મધુરે તાપે,
માખણ શી ચડી રે-રૂડી૦૧
ઘી ઘણું જમો અલબેલા,
અથાણાં પાપડ રંગછેલા;
ચોંપે શુ ચોળાની,
કાજુ કરી વડી રે-રૂડી૦૨
દૂધ કઢીને દહીં જમાવી,
લલીત લવીંગે શું છમકાવી;
ભૂધરને જમવાને કાજે,
કરી કઢી રે-રૂડી૦૩
દયાનંદ કહે દિલમાં ધારી,
પ્રસાદી આપો હિતકારી;
મોહનવરને હાથે મુજને,
મોજ મળી રે-રૂડી૦૪

●●●●●

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં,
ભક્તિધર્માત્મજ વાસુદેવ હરિમ્ ।
માધવં કેશવં કામદં કારણં
સ્વામિનારાયણં નીલકંઠ ભજે ॥

## સ્વાભાવિક ચેષ્ટા

● રાગ-ગરબી, પદ-૧ ●

પ્રથમ શ્રી હરિને રે, ચરણે શીશ નમાવું;
નૌતમ લીલા રે, નારાયણની ગાઉ-૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાય વનને-૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે-૩
સહજ સ્વભાવિક રે, પ્રકૃતિ પુરૂષોત્તમની;
સુણતા સજની રે, બીક મટાડે જમની-૪
ગાઉં હેતે રે, હરિના ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી-૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે-૬
રમૂજ કરતાં રે, રાજીવ નેણ રૂપાળા;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા-૭
બેવડી રાખી રે, બબે મણકા જોડે;
ફેરવે તાણી રે, કંઈક માળા તોડે-૮

વાતો કરે રે, રમૂજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા-૯
ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી;
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી-૧૦

## પદ-૨

સાંભળી સૈયર રે, લીલા નટનાગરની;
સુણતા સુખડું રે, આપે સુખસાગરની-૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડા ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બારે-૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતા જાગે;
જોતા જીવન રે, જન્મ મરણ દુઃખ ભાગે-૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે-૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય તે જોતે-૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજા;
તેમને જોઈ રે, મગન થાય મહારાજા-૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;

સંત હરિજન રે, નીરખી રાજી થાય-૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી-૮
આગળ સાધુ રે, કિર્તન ગાય જયારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે-૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે, પ્રેમાનંદના સ્વામી-૧૦

<u>પદ-૩</u>

મનુષ્ય લીલા રે, કરતા મંગલકારી;
ભકતસભામા રે, બેઠા ભવભયહારી-૧
જેને જોતા રે, જાય જગ આસકિત;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભકિત-૨
તે સંબંધી રે, વાર્તા કરતાં ભારી;
હરિ સમજાવે રે, નિજજનને સુખકારી-૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત-૪
ક્યારેક હરિજન રે દેશ દેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે-૫

જાણી પોતાના રે, સેવક જન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશી-૬
ભકત પોતાના રે, તેને શ્યામ સુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ-૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજ જનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઈન્દ્રિય મનને-૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઇ હરિજનને રે તેડવો હોય પાસ-૯
પહેલી આંગળી રે, નેત્ર તણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન ૧૦

## પદ-૪

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે સૂણતા ન્યારી ન્યારી-૧
કયારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે ચોળે છે બે હાથે-૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી;
તેને રાખે રે આંખો ઉપર દાબી-૩
કયારેક પોતે રે, રાજીપામાં હોય;

વાતો કરે રે, કથા વંચાય તોયે-૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઇક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઇ ત્યારે-૫
હાર ચડાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે,-૬
કથા સાંભળતા રે, હરે હરે કહી બોલે;
મર્મ કથાનો રે, સૂણી મગન થઇ ડોલે-૭
ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય;
કયારેક અચાનક રે, જમતાં હરે બોલાય-૮
થાય સ્મૃતિ રે, પોતાને જયારે તેની;
થોડુંક હસે રે, ભકત સામું જોઇ બેની-૯
એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદરસ વરસાવે;
એ લીલારસ રે, જોઇ પ્રેમાનંદ ગાવે-૧૦

પદ-૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારી;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી-૧
થાય મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનુરૂપ રે, નિજજનને સુખ દેવા-૨

કયારેક ઢોલિયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
કયારેક બેસે રે, ચાકળે પૂરણકામ-૩
કયારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યુ હોય રે, તે પર બેસે પ્રીતે-૪
કયારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી;
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી-૫
ઘણુંક બેસે રે, તકિયે ઓઠીંગણ દઈને;
કયારેક ગોંઠણ રે, બાંધે ખેસ લઈને-૬
કયારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી-૭
કયારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહી રે, ચરણ કમળ દે નાથ-૮
કયારેક આપે રે, હાર તોરા ગિરધારી;
કયારેક આપે રે, અંગના વસ્ત્ર ઉતારી-૯
કયારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભકતતણા પ્રતિપાળ-૧૦

<u>પદ-૬</u>

એવા કરે રે, ચરિત્ર પાવનકારી;

શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી-૧
કયારે જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે-૨
છીંક જયારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાયે રે, મુખ પર આડો દઈને-૩
રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ-૪
કયારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ-૫
અતિ દયાળું રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુનામીનો-૬
કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય-૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરૂણા દષ્ટિ રે, દેખી વાનજ વાળે-૮
ડાબે ખભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી-૯
કયારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;

## ચાલે વહાલો રે, પ્રેમાનંદનો હેલી-૧૦

### પદ-૭

નિત્ય નિત્ય નૈતમ રે, લીલા કરે હરિરાય;
ગાતા સુણતાં રે, હરિજન રાજી થાય-૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે-૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારે સંતને રે, પીરસવા પધારે-૩
ત્યારે ડાબે રે, ખંભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી-૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેના નામ-૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ-૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતા;
કોઈનાં મુખમાં રે, આપે લાડુ હસતાં-૭
પાછલી રાત્રી રે, ચાર ઘડી રહે જ્યારે;
દાતણ કરવા રે, ઉઠે હરિ તે વારે-૮

ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કળશો રે, જળ ઢોળે વનમાળી-૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુએ-૧૦

પદ-૮

રૂડા શોભે રે, નાહીને ઉભા હોવે;
વસ્ત્ર પહેરેલુ રે સાથળ વચ્ચે નીચોવે-૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી-૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વહાલો;
આવે જમવા રે, ચાંખડીએ ચડી ચાલે-૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા-૪
જમતાં ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી-૫
જમણા પગને રે, રાખી ઉભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ-૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ;

વારે વારે, પાણી પીધાની ટેવ-૭
જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મન ગમતાં-૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતાં જીવન રે, હરિજનને મન ગમે-૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદનો નાથ-૧૦

<u>પદ-૯</u>

ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને-૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે-૨
પાપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગુ મેલી છેલો-૩
વર્ષા ઋતુ રે, શરદ ઋતુને જાણી;
ઘેલા નદીના રે, નિર્મળ નીર વખાણી-૪
સંત હરિજનને રે, સાથે લઈ ઘનશ્યામ;
નાવા પધારે રે, ઘેલે પૂરણ પૂરણકામ-૫

બહુ જળક્રિડા રે, કરતા જળમાં નાચ;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય-૬
નાહીને બા'રા રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી-૭
પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે-૮
ગઢપુર વાસી રે, જોઈને જગ આધાર;
સુફળ કરે છે રે, નેણા વારંવાર-૯
આવી બિરાજે રે, ઓસરીયે બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી-૧૦

<u>પદ-૧૦</u>

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ-૧
ફળિયા માંહી રે, સભા કરી બિરાજે;
પૂરણશશી રે, ઉડુગણમાં જેમ છાજે-૨
બ્રહ્મરસ વરસી રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને-૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;

ભાલ વચ્ચે રે, ઉભી રાખી ફેરે-૪
સુતાં સુતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત્ય ફેરવે ચિત્ત દઈને-૫
ભૂલ ન પડે રે, કેદી એવું નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ-૬
ભર નિદ્રામાં રે, પોઢયા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય-૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;
કોણ છે પૂછે રે, સેવકને સુખધામ-૮
એવી લીલા રે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર-૯
જે કોઈ પ્રીતે રે, શીખે સુણે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે-૧૦

રાગ-ધોળ

ઓરા આવો શ્યામ સ્નેહી,
સુંદરવર જોઉં વહાલા
જતન કરી જીવન મારા
જીવમાંહી પ્રોઉ વહાલા-૧

ચિહ્ન અનુપમ અંગોઅંગના,
સુરતે સંભારૂ વહાલા;
નખશિખ નીરખી નૌતમ મારા,
ઉરમા ઉતારૂં વહાલા-૨
અરુણ કમળસમ જુગલ ચરણની
શોભા અતિ સારી વહાલા;
ચિંતવન કરવા આતુર અતિ,
મનવૃતિ મારી વહાલા-૩
પ્રથમ તે ચિંતવન કરૂ
સુંદર સોળે ચિહ્ન વહાલા;
ઉદર્વરેખા ઓપી રહી,
અતિશે નવીન વહાલા-૪
અંગૂઠા આંગળી વચ્ચેથી,
નીસરીને આવી વહાલા;
પાનીની બે કોરે જોતા,
ભકતને મન ભાવી વહાલા-૫
જુગલ ચરણમાં કહું મનોહર,
ચિહ્ન તેના નામ વહાલા,

શુદ્ધ મને કરી સંભારતા,
નાશ પામે કામ વહાલા-૬
અષ્ટકોણ ને ઉર્ધ્વરેખા,
સ્વસ્તિ જાંબુ જવ વહાલા;
વજ્ર અંકુશ-કેતુ ને પદ્મ,
જમણે પગે નવ વહાલા-૭
ત્રિકોણ કળશને ગોપદ સુંદર,
ધનુષ ને મીન વહાલા,
અર્ધચંદ્ર ને વ્યોમ સાત,
છે ડાબે પગે ચિહ્ન વહાલા-૮
જમણા પગના અંગુઠાનાં,
નખમાંહી ચિહ્ન વહાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત,
પ્રીતિએ પ્રવિણ વહાલા-૯
એ જ અંગુઠાની પાસે,
તિલ એક નૌતમ ધારૂં વહાલા;
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે,
પ્રાણ લઈ વારૂં વહાલા-૧૦

<u>રાગ-ગરબી, પદ-૧</u>

હવે મારા વાલાને નહિ રે વિસારું રે,
શ્વાસ ઉચ્છવાસે તે નિત્ય સંભારું રે-૧
પડયું મારે સહજાનંદજી શું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે-૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે,
એ વર નહિ મળે ખરચે નાણું રે,-૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે,
એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે-૪
દુરિજન મન રે માને તેમ કહેજયો રે,
સ્વામી મારા રૂદિયાની ભીતર રહેજો રે-૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે-૬

<u>પદ-૨</u>

હવે મારા વહાલાનાં દર્શન સારું,
હરિજન આવે હજારે હજારું-૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી-૨

સભા મધ્યે બેઠા મુનિના વૃંદ;
તેમા શોભે તારે વિંટયો જેમ ચંદ-૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી-૪
તાળી પાડે ઉપડતી અતિ સારી,
ધૂન્ય થાય ચૌદ લોક થકી ન્યારી-૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે,
જોઇ જોઇ હરિજનનાં મન લોભે-૬
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ અક્ષરધામના વાસી-૭
ભાંગી મારી જન્મો જન્મની ખામી,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી-૮

રાગ-ગરબી,પદ-૧

રે શ્યામ તમે સાચું નાણુ,
બીજું સર્વે દુઃખદાયક જાણું-રે શ્યામ૦
રે તમ વિના સુખ સંપત કહાવે,
તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમા કામ કોઇ નાવે-રે શ્યામ૦

રે મૂરખ લોક મરે ભટકી,
જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મન વૃતિ અટકી-રે શ્યામ૦
છે અખંડ અલૌકિક સુખ સારૂં
તે જોઈ જોઈ મન મોહ્યું મારૂં;ધરા
ધન તમ ઉપર વારૂં-રે શ્યામ૦
રે બ્રહ્માથી કીટ લગી જોયું,
જૂઠું સુખ જાણીને વગોવ્યુ;
મુકતાનંદ મન તમ સંગ મોહ્યુ-રે શ્યામ૦

<u>ધ્યાન ચિંતામણી</u>

<u>રાગ-ગરબી, પદ-૧</u>

વંદુ સહજાનંદ રસરૂપ,
અનુપમ સારને રે લોલ;
જેને ભજતા છૂટે ફંદ,
કરે ભવ પારને રે લોલ-૧
સમરું પ્રગટ રૂપ સુખધામ,
અનુપમ નામને રે લોલ;
જેને ભવ બ્રહ્માદિક દેવ,

ભજે તજી કામને રે લોલ-૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર,
કે પાર કોઈ નવ લહેરે રે લોલ;
જેને શેષ સહસ્ત્રમુખ ગાય,
નિગમ નેતિ કહે રે લોલ-૩
વર્ણવું સુંદર રૂપ અનૂપ,
જુગલ ચરણે નમી રે લોલ;
નખશીખ પ્રેમસખીના નાથ,
રહો ઉરમાં રમી રે લોલ-૪

પદ-૨

આવો મારા મોહન મીઠડા લાલ,
કે જોઉં તારી મૂર્તિ રે લોલ;
જતન કરી રાખુ રસિયારાજ,
વિસારું નહિ ઉરથી રે લોલ-૧
મન મારૂં મોહ્યું મોહનલાલ,
પાઘલડીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલા ખોસું છેલ,
ખાંતીલા જોઉં ખાંતમા રે લોલ-૨

વહાલા તારું ઝળકે સુંદર ભાલ,
તિલક રૂડાં કર્યા રે લોલ;
વહાલા તારા વામ કરણમાં તિલ,
તેણે મનડાં હાર્યા રે લોલ-૩
વહાલ તારી ભ્રકુટિને બાણે શ્યામ,
કાળજ મારા કોરિયા રે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ,
કે ચિત્ત મારાં ચોરિયા રે લોલ-૪

પદ-૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ,
વાલપ તારા વાલમાં રે લોલ;
મન મારૂં તલખે જોવા કાજ,
ટીબકડી છે ગાલમાં રે લોલ-૧
વહાલા તારી નાસિકા નમણી નાથ,
અધરબિંબ લાલ રે લોલ;
છેલા મારા પ્રાણ કરૂં કુરબાન,
જોયા જેવી ચાલ છે રે લોલ-૨
વહાલા તારા દંત દાડમના બીજ,

ચતુરાઈ ચાવતા રે લોલ;
વહાલા મારા પ્રાણ હરો છો નાથ,
મીઠું મીઠું ગાવતાં રે લોલ-૩
વહાલા તારે હસવે હરાણું ચિત્ત,
બીજુ હવે નવ ગમે રે લોલ;
મન મારૂં પ્રેમસખીના નાથ,
કે તમ કેડે ભમે રે લોલ-૪

પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ,
રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારૂં મનડું મળવા ચહાય,
કે જાય ચિત્તડું ચળી રે લોલ-૧
વહાલા તારી જમણી ભુજાને પાસ,
રૂડા તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક,
અનુપમ સાર છે રે લોલ-૨
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર,
જોઈ નેણાં ઠરે રે લોલ;

વહાલા તે તો જાણે પ્રેમીજન,
જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ-૩
રસિયા જોઈ તમારૂં રૂપ,
રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ,
સુંદરવર છેલડા રે લોલ-૪

પદ-૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ,
જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતાં લાલ,
આવોને મારે બારણે રે લોલ-૧
વહાલા તારી આંગળીઓની રેખા,
નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખુ ચોરી,
કહું નહિ કોઈને રે લોલ-૨
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ,
જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારે હૈડે હરખ ન માય,

જાણું જે હમણાં મળો રે લોલ-૩
વહાલા તારૂં ઉદર અતિ રસરૂપ,
શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ,
મળુ ભરી બાથજી રે લોલ-૪

પદ-૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ,
રસિક જોઈને જીવે રે લોલ
વહાલા એ રસના ચાખણહાર,
કે છાશ તે નવ પીવે રે લોલ-૧
વહાલા મારે સુખસંપત તમે શ્યામ,
મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ,
હસીને બોલાવતા રે લોલ-૨
વહાલા તારૂં રૂપ અનુપમ ગૌર,
મૂર્તિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારૂં જોબન જોવા કાજ,
કે ચિત્ત ચરણે નમે રે લોલ-૩

આવો મારા રસિયા રાજીવ નેણ,
મર્મ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ,
મંદિર મારે ડોલતા રે લોલ-૪

પદ-૭

વહાલા તારૂં રૂપ અનુપમ નાથ,
ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોઉં સુંદર છેલ,
આવોને ઓરા અમ ભણી રે લોલ-૧
વહાલા તારી નાભિ નૌતમ રૂપ,
ઉંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય,
કે મન રંગચોળ છે રે લોલ-૨
વહાલા તારી જંઘા જુગલની શોભા,
મનમાં જોઈ રહું રે લોલ;
વહાલા નિત્ય નિરખું પીડીને પાની,
કોઈને નવ કહું રે લોલ-૩
વહાલા તારા ચરણકમળનું ધ્યાન,

ઘરૂં અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ,
રાખું મારા ચિત્તમાં રે લોલ-૪

પદ-૮

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ,
વખાણું વહાલામાં રે લોલ;
વહાલા અતિ કોમળ અરૂણ રસાળ,
ચોરે ચિત્ત ચાલમાં રે લોલ-૧
વહાલા તારે જમણે અંગૂઠે તિલ,
કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક,
જોવાને મન દીન છે રે લોલ-૨
વહાલા તારા નખની અરૂણતા જોઈ,
શશીકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભકત,
જોવાને પ્રવિણ છે રે લોલ-૩
વહાલા તારી ઉર્દ્વ રેખામાં ચિત્ત,
રહો કરી વાસને રે લોલ;

માગે પ્રેમસખી કર જોડી,
દેજો દાન દાસને રે લોલ-૪

## પૂર્વછાયો

કહું અલૌકિક વારતા, પ્રભુ પ્રગટની આ વાર;
જે જન શ્રવણે સાંભળે, તે થાય અક્ષર પાર-૧
સૂરજ સહજાનંદજી, અંતર્ધાન થયા જે વાર;
તેને વાસર બહુ વીતિયા, કર્યો સંકલ્પ શ્રીજી તે વાર-૨
સર્વોપરી જ્ઞાન આપવા, મૂર્તિમાં લેવા સાર;
મુકત દ્વારે વિચરું, સત્સંગમાં આ વાર-૩
મુકત જે મારા જેવા, મારી મૂર્તિમ્રા રહેનાર;
તે દ્વારા સુખ આપવું, મારી મૂર્તિમાં નિરધાર-૪
જેણે તપ તીખું કર્યું, મને પ્રસન્ન કરવા કાજ;
પુત્રની ઈચ્છા એહને, તેના પૂરું મનોરથ આજ-૫

## ચોપાઇ

કાળી તલાવડીએ નિત્ય નાતાં,
પ્રેમી ભકત એ શ્રીજીના હતા;
દીધાં દર્શન શ્રીજી હુલ્લાસે,
માગો બાઇ વચન મુજ પાસે-૬

ત્યારે બાઈ બોલ્યા બોલ એવો,
ખપે પુત્ર તમારા જ જેવો;
મારા મુક્ત મારા જેવા જેહ;
લેશે અવતાર તમ ઘેર તેહ-૭
મારી મૂર્તિમાં રહેનારા,
થાશે પુત્રરૂપે તે તમારા;
સૂણી રાજી થયા ભક્તરાજ,
મારી ઈચ્છા પૂરી થઈ આજ-૮
કચ્છ દેશમાં બળદિયા ગામ,
કણબી કુળે પાંચા પિતા નામ;
દેવબાઈ પતિવ્રતા માત,
ત્યાં પ્રકટ્યા મુક્ત સાક્ષાત-૯
સંવત ઓગણીસો એકની તિથિ,
માસ કાર્તિક પ્રબોધની હતી;
દીધાં દર્શન દયાળે જ્યારે,
વાર ચંદ્રનો તો હતો ત્યારે-૧૦
માત પિતાને હરખ વધાઈ,
નામ ધરાવ્યું અબજી ભાઈ;

મહા મુકત પ્રગટ થયા જયારે,
સંત હરિજને ઓળખ્યા તારે-૧૧
મોટા જાણી નામે સહુ શીશ,
રહેતા સમાધિમાં અહોનિશ;
સંત હરિજન જે જોગ કરતા,
તેને સર્વોપરી વાતો કરતા-૧૨
સર્વે અવતારના અવતારી,
શ્રીજી મૂર્તિ આલૌકિક ન્યારી;
સર્વ કારણ સર્વના આધાર,
સર્વ નિયંતા દિવ્ય સાકાર-૧૩
એવા સ્વામિનારાયણ એક,
બીજા તો બધા એના સેવક;
જીવ કોટી ને ઈશ્વર કોટી,
મહાકાળ નરનારાયણ કોટી-૧૪
શ્વેતદ્વિપના પતિ છે જેહ,
બ્રહ્મકોટી વાસુદેવ એહ;
વાસુદેવના ઉપરી જેહ;
મૂળઅક્ષર કહેવાય તેહ-૧૫

મૂળઅક્ષરથી મોટા કહેવાય,
એકાંતિક તો સત્સંગ માંય;
એકાંતિકથી મોટા જે કહ્યા,
તે તો અક્ષરધામમાં રહ્યાં-૧૬
પરમ એકાંતિક તે કહેવાય,
રહે શ્રીજી સન્મુખ સદાય;
તેથી મોટા અનાદિ કહેવાય,
રહે શ્રીજી મૂર્તિમાં સદાય-૧૭
રસ બસ એ મૂર્તિમાં રહે છે,
રોમ રોમ નવીન સુખ લે છે;
તોય મૂર્તિનો પાર ન પામે,
અપાર અપાર કહીને વિરામે-૧૮
ઓત પ્રોત તાણો વાણો બેય,
અનાદિ જળ તરંગવત્ છેય;
એવા અનાદિ તો અમે નક્કી,
આવ્યા શ્રીજીની મૂર્તિ થકી-૧૯
શ્રીજી સંકલ્પ તો અમે આવ્યા,
ભેળી શ્રીજીની મૂર્તિ લાવ્યા;

જેને જોઈએ તે આવજો લેવા,
અમે તો આવ્યા મૂર્તિ દેવા-૨૦
અમારે તો એક જ વેપાર,
દેવી મૂર્તિ એ જ કરાર;
કોઈ લો કોઈ લો એમ કહેતા,
કેવળ કૃપાએ મૂર્તિ દેતા-૨૧
સંત હરિજન જે જોગ કરતા,
તેને બાપા આવી વાતો કરતા;
દેશ વિદેશમાં જ્યાં જ્યાં જાતાં,
મુમુક્ષુ જન તરત ખેંચાતા-૨૨
જેમ લોહ ચમક દેખી ચળે,
સંત હરિજન એવી રીતે ગળે;
જેમ નદીઓ સમુદ્રમાં જાય,
સંત હરિજન એમ ખેંચાય-૨૩
દેશ વિદેશથી જે આવતા,
તેને મૂર્તિ મહારાજની દેતા;
એવી રીતે બાપાશ્રી આવી,
મૂર્તિ રસ રેલ ચલાવી-૨૪

વળી વચનામૃતની ટીકા કીધી,
કરી બે ભાગ વાતો પ્રસિદ્ધિ;
તેમાં લખાવ્યા છે એવા મુદ્દા,
મૂળ અક્ષરથી પુરુષોત્તમ જુદા-૨૫
તેના લખનારા સદ્‌ગુરૂ સ્વામી,
ઈશ્વરચરણદાસ અકામી;
તેને વાંચે રાખે સૂણે જેહ,
મોક્ષ આત્યંતિક પામે તેહ-૨૬
એવાં કૃપા વચનો જેણે કાવ્યા,
તે તો મૂર્તિમાં રાખવા આવ્યા,
નથી ઉધારો પાડોને હા જ,
થાય રોકડાં કલ્યાણ આજ-૨૭
જે છે અક્ષર ધામે સદાય
તે મૂર્તિ દેહ છતાં પમાય;
મોટા ઓળખવા એ છે ઘાંટી,
મનુષ્યભાવની રહી જાય આંટી-૨૮
જેણે ઓળખ્યા સંશય કાપી,
તેને બાપાએ મૂર્તિ આપી;

જેણે ઓળખ્યા નહી લગાર,
તેને તો થઈ મૂર્તિની વાર-૨૯
જેણે જોગમાં સંશય કર્યા,
તેણે તો ફેર જનમ ધર્યા;
જેણે અવગુણ લીધા છે ભારી,
તેને તો થઈ ભારે ખુવારી-૩૦
જેણે ખોટા ખોટા નાખ્યા તૂત,
તેઓ મરીને થયા છે ભૂત,
જેને બાપાના થયા છે મેળા,
તેને તો રાખ્યા મૂર્તિમાં ભેળા-૩૧

દોહા

જે જનને સંશય ટળ્યા,
એને મળ્યા પ્રગટ મહારાજ,
મુકત પણ પ્રગટ મળ્યા,
અને પ્રગટ સંત સમાજ-૩૨

પૂવછાયો

સંત હરિજન સાંભળો,
હું અલ્પ મતિ તમ પાસ;

ઓળખ્યા અબજી તાતને,
શ્રીજી કૃપાએ કરમણદાસ-૩૩

**<u>સોરઠા</u>**

ગુન્હા કર્યા બક્ષિસ,
કેવળ કૃપા વાપરી;
સ્વામી સેવક ભાવ,
રાખ્યા મૂર્તિમાં સદા-૩૪

**<u>પોઢાણિયું</u>**

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ;
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ,
સંતન કે વિશ્રામ-પોઢે૦૧
અક્ષર પર આનંદ ઘન પ્રભુ,
કીયો હે ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા,
લહત અક્ષરધામ-પોઢે૦૨
શારદ શેષ મહેશ મહા મુનિ
જપત જેહી ગુનનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી,
હોવત જન નિષ્કામ પોઢે૦૩

પ્રેમ કે પર્યંક પર,
પ્રભુ કરત સુખ આરામ;
મુકતાનંદ નિજ ચરન ઢીગ ગુન,
ગાવત આઠુ જામ-પોઢે૦૪

<u>રાગ-ગરબી,પદ-૧</u>

પોઢો પોઢો સહજાનંદ સ્વામી,
અખિયામાં નિંદરા ભરાણી રે-પોઢો૦૧
હરિ તમે માથેથી પાઘ ઉતારો રે,
પછી બનાતની ટોપી ધારો રે-પોઢો૦૨
હરિ તમે જરકસી જામો ઉતારો રે,
પછી હીરકોરી ધોતી ધારો રે-પોઢો૦૩
હરિ તમે કેડનો પટકો છોડો રે,
પછી શાલ દુશાલા ઓઢો રે-પોઢો૦૪
હરિ પોઢચા પ્રેમાનંદના સ્વામી રે,
સખી જોઈ જોઈ આનંદ પામી રે-પોઢો૫

<u>(૧) આવ્યા અબજીબાપા</u>

શ્રી શ્રીજી મહારાજ જે, અનંત મુકતના રાય;
તે પ્રભુના સંકલ્પથી, આવ્યા અબજીબાપા.
સંવત ઓગણીસો એકની, પ્રબોધની ને સોમ;

ધન્ય ઘડી ધન્ય ભાગ્ય જે, આવ્યા અબજીબાપા.
ધન્ય ધન્ય કત્સ્યપ દેશને, ધન્ય ધન્ય વૃષપુર ગામ;
ધન્ય ધન્ય કણબી જ્ઞાતિને, આવ્યા અબજીબાપા
ધન્ય કુળ પાંચાણીનું, ધન્ય છે દેવકી માત;
અનંત જન્મના પુણ્યથી, આવ્યા અબજીબાપા,
પંક્તિ પાછળ રહી ગયા, જેણે પ્રીછ્યા નહી મહારાજ;
તેની ખામી ભાંગવા, આવ્યા અબજીબાપા,
શ્રી શ્રીજી મહારાજનો, દિવ્ય સત્સંગ બાગ;
જળ સિંચન કરી પોષવા, આવ્યા અબજીબાપા
ત્યાગી, ગૃહી બાઈ ભાઈના, સૌ સૌના જે ધર્મ;
તેમાં અચળ રખાવવા, આવ્યા અબજીબાપા,
મહાપ્રભુની પત્રીથી, વિરુધ્ધ જે જે કર્મ;
તેના મૂળ ઉખેડવા, આવ્યા અબજીબાપા.
શ્રી શ્રીજી મહારાજ ને, મહા અનાદિ મુકત;
તેનો મહિમા ગાવવા, આવ્યા અબજીબાપા.
અનંત જીવ આ જગતના, મોકલવા પ્રભુધામ;
રતીલાલ કહે હોંશથી આવ્યા અબજીબાપા

## (૨) એ છે અબજીબાપા

અગણિત જીવ ઉદ્ધારવા, ખેલ ખેલે મહામુકત;
પહેલે નંબરે આવતા, એ છે અબજીબાપા.

મહાપ્રભુની મૂર્તિમાં, મગ્ન રહે અહોનિશ;
મસ્તદશા છે જેમની, એ છે અબજીબાપા
સહજ સમાધિ જેમને, રહે માસ બે માસ;
રસબસ જે છે મૂર્તિમાં, એ છે અબજીબાપા
આત્યાંતિક કલ્યાણની, કરતા જે વળી ખેડ;
મૂર્તિ મો'લ પકાવતા, એ છે અબજીબાપા
વેષ ધર્યો કૃષિકારનો, બોલે ચાલે તેમ;
દિવ્ય દશા જ્યાં ઝળકતી, એ છે અબજીબાપા.
ભોળા જીવ જાણે નહિ, નરનાટકના ભેદ;
સુર મુનિને પણ અગમ જે, એ છે અબજીબાપા.
ધન્ય છે નિર્ગુણ સંતને, જેણે ઓળખિયું મહારત્ન;
ચીથરે વીટ્યું રત્ન છે, એ છે અબજીબાપા.
ગજગતિ ચાલે ચાલતા, વળી કરતા રમૂજ અનેક;
સંત અખાડો હોય જ્યાં, એ છે અબજીબાપા.
સત્સંગનું જે તિલક છે, મદભરી જેની આંખ;
ગરવા ગુણ ગંભીર જે, એ છે અબજીબાપા.
તરી રહે જે એકલા, મર હોય લાખું જન;
રતીલાલ કહે જાણજો, એ છે અબજીબાપા.

## (૩) એ છે અબજીબાપા

કરી ન શકે કોઈ કામ જે, ધરી શકે નહી હામ;
સહેજે સાધે કામ તે, એ તો અબજીબાપા.

પાપી ફેલી જીવ જે, આસુર અંશ પ્રધાન;
તરત તેને પલટાવતા, એ તો અબજીબાપા.
કીટ ભ્રમરવત્ જે કરે, જીવમાંથી વળી શિવ;
જોડી દે જે મૂર્તિમાં, એ તો અબજીબાપા.
અજ્ઞાની ને પામર જીવો, તેનાં ન ગણે કર્મ;
એવું દિલ દરિયાવ છે, એ તો અબજીબાપા.
આગળ વંદે, પાછળ નિંદે, પણ પણ કરતા જેહ;
જાણે પણ નહિ ગણતા, એ તો અબજીબાપા.
નિગમ જેને નેતિ કહે છે, શ્રીજી કહે નિજરૂપ;
રહી મૂર્તિમાં તાણે સૌને, એ તો અબજીબાપા.
એક પંક્તિમાં પીરસે સૌને, હોય રાહુ કે દેવ;
અભેદભાવે અમૃત આપે, એ તો અબજીબાપા.
દેવને અમૃત રગરગ વ્યાપે, રાહુને રહે કંઠ;
રાહુને પણ દેવ કરતા એ તો અબજીબાપા.
મૂર્તિ છે મહારાજની, દિવ્ય સદા સાકાર;
સત્સંગ જેને દિવ્ય જણાયો, એ તો અબજીબાપા.
ત્રિકાળમાં જે મૂર્તિ દેખે, રહે સદા જે મૂર્તિમા;
રતીલાલ કહે આપે મૂર્તિ એ તો અબજીબાપા.

## (૪) આવો અબજીબાપા

જીવ ઉપર કરુણા કરી, વળી ધરી અલૌકિક દેહ;
મૂર્તિનું સુખ આપવા તમે, આવો અબજીબાપા.

# સાયં પ્રાર્થના

જીવ બિચારા ભાવસાગરમાં, ગોથાં ખાતા જેહ;
તેને નિજપદ આપવા તમે, આવો અબજીબાપા.
દિવ્ય લીલા વિસ્તારવા, આવ્યા શ્રીજી સંત;
હસવા રમવા અમ સાથે તમો, આવો અબજીબાપા.
દયા કરી તમે ભલે પધાર્યા, મ્હાલો અમ ઘર આજ;
જેવા તેવા પણ છઈએ તમારા, આવો અબજીબાપા.
મહાસભા સ્થાપી કરી, વળી દેવ દ્રવ્યની રક્ષા;
સત્સંગની ઉન્નતિ કરવા, આવો અબજીબાપા.
નિર્ગુણ, ઈશ્વર આદિ સંતો, ધનજી આદિ જન;
તેવી સમજણ આપવા અમને, આવો અબજીબાપા.
વૃંદ, ધન ભક્તિની જે સ્થિતિ, ભોગીલાલ જે ભક્ત;
આશ, મોતીની સેવા દેવા, આવો અબજીબાપા.
લક્ષ અલક્ષ જે અનેક સંતો, અગણિત જે હરિજન;
બ્રહ્મરૂપે મૂર્તિમાં રાખવા, આવો અબજીબાપા.
અનંત પરચા, અનંત વાતો, લીલા દિવ્ય અનંત;
અંતે તેડવા અનંત જીવને, આવો અબજીબાપા.
આવો લ્હાવો સદૈવ આપો, યજ્ઞ સમૈયા દ્વારા;
રતીલાલ કહે ગુણિજન ગાવે, આવો અબજીબાપા.

## રાગઃ ગરબી, પદ-૧

તમારી મૂરતિ વિના મારા નાથ રે,
બીજું મને આપશો માં; ટેક.
હું તો એજ માગું છું જોડી હાથ રે, બીજુ
આપો તમારા જનનો સંગ રે, બીજુ
મારા જીવમાં એજ ઉમંગ રે, બીજુ
મારા ઉરમાં કરો નિવાસ રે, બીજુ
મને રાખો રસિયા તમ પાસ રે, બીજુ
એજ અરજી દયાનિધિ દેવ રે, બીજુ
આપો ચરણ કમળની સેવ રે, બીજુ
કરો ઈતર વાસના દૂર રે, બીજુ
રાખો પ્રેમાનંદને હજૂર રે...બીજુ

## શ્રી ધાર્મિકસ્તોત્રમ્

શ્રી વાસુદેવ વિમલામૃત ધામ વાસં,
નારાયણં નરકતારણ નામધેયમ્ ।
શ્યામ સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ,
ત્વાં ભકિતધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૧
શિક્ષાર્થમત્ર નિજભકિતમતાં નરાણામ્,
એકાન્તધર્મમખિલં પરિશીલયન્તમ્ ।
અષ્ટાંગયોગકલનાશ્ચમહાવ્રતાનિ,
ત્વાં ભકિતધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૨

શ્વાસેન સાકમનુલોમવિલોમવૃત્યા,
સ્વાન્તર્બહિશ્ચ ભગવત્યુરુધા નિજસ્ય ।
પૂરે ગતાગત જલામ્બુધિનોપમેયં,
ત્વાં ભકિતધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૩
બાહ્યાન્તરિન્દ્રિગણ શ્વસનાધિદૈવ,
વૃત્યુદ્‌ભવસ્થિતિ લયનાપિ જાયમાનાન્ ।
સ્થિત્વા તતઃ સ્વમહસા પૃથગીક્ષમાણં,
ત્વાં ભકિતધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૪
માયામયાકૃતિ તમોશુભ વાસનાનાં,
કર્તું નિષેધમુરુધા ભગવત્સ્વરૂપે ।
નિર્બીજ સાંખ્યમતયોગ ગયુકિતભાજં,
ત્વાં ભકિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૫
દિવ્યાકૃતિત્વસુમહસ્ત્વસુ વાસનાનામ્,
સમ્યગ્વિધિં પ્રથયિતું ચ પતૌ રમાયાઃ ।
સાલમ્બ સાંખ્યપથયોગ સુયુકિતભાજં,
ત્વાં ભકિતધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૬
કામાર્ત તસ્કર નટ વ્યસનિદ્વિષન્તઃ,
સ્વસ્વાર્થસિદ્ધિમિવ ચેતસિ નિત્યમેવ ।
નારાયણં પરમયૈવ મુદા સ્મરન્ત,

ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૭
સાધ્વી ચકોર શલભાસ્તિમિકાલકંઠ,
કોકા નિજેષ્ટવિષયેષુ યથૈવ લગ્નાઃ ।
મૂર્તૌ તથા ભગવતોઽત્ર મુદાતિલગ્નં,
ત્વાં ભક્તિધર્મતનય શરણં પ્રપદ્યે ॥૮
સ્નેહાતુરસ્ત્વથ ભયાતુર આમયાવી,
યદ્વત્ક્ષુધાતુર જન્શ્ચ વિહાય માનમ્ ।
દૈન્યં ભજેયુરિહ સત્સુ તથાચરન્તં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રાપદ્યે ॥૯
ધર્મસ્થિતૈરૂપગતૈબૃહતા નિજૈકયં,
સેવ્યો હરિઃ સિતમહઃ સ્થિત દિવ્યમૂર્તિઃ ।
શબ્દાદ્યરાગિભિરિતિ સ્વમતં વદન્તં,
ત્વાં ભક્તિધર્મતનય શરણં પ્રપદ્યે ॥૧૦
સદગ્રંથ નિત્પઠન શ્રવણાદિસક્તં,
બ્રાહ્મી ચ સત્સદસિ શાસતમત્ર વિદ્યાં ।
સંસારજાલ પતિતાખિલ જીવ બન્ધો,
ત્વાં ભક્તિધર્મતનય શરણં પ્રપદ્યે ॥૧૧

## જનમંગલ નામાવલિ

૧ ૐ શ્રી કૃષ્ણાય નમઃ ।
૨ ૐ શ્રી વાસુદેવાય નમઃ ।
૩ ૐ નરનારાયણાય નમઃ ।
૪ ૐ પ્રભવે નમઃ ।
૫ ૐ ભક્તિધર્માત્મજાય નમઃ ।
૬ ૐ અજન્મને નમઃ ।
૭ ૐ કૃષ્ણાય નમઃ ।
૮ ૐ નારાયણાય નમઃ ।
૯ ૐ હરયે નમઃ ।
૧૦ ૐ હરિકૃષ્ણાય નમઃ ।
૧૧ ૐ ઘનશ્યામાય નમઃ ।
૧૨ ૐ ધાર્મિકાય નમઃ ।
૧૩ ૐ ભક્તિનન્દનાય નમઃ ।
૧૪ ૐ બૃહદ્વ્રતધરાય નમઃ ।
૧૫ ૐ શુદ્ધાય નમઃ ।
૧૬ ૐ રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ ।
૧૭ ૐ મરુત્સુતપ્રિયાય નમઃ ।
૧૮ ૐ કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ ।
૧૯ ૐ જીતેન્દ્રિયાય નમઃ ।
૨૦ ૐ જીતાહારાય નમઃ ।

૨૧ ૐ તીવ્રવૈરાગ્યાય નમઃ ।
૨૨ ૐ આસ્તિકાય નમઃ ।
૨૩ ૐ યોગેશ્વરાય નમઃ ।
૨૪ ૐ યોગકલાપ્રવૃત્તયે નમઃ ।
૨૫ ૐ અતિધૈર્યવતે નમઃ ।
૨૬ ૐ જ્ઞાનિને નમઃ ।
૨૭ ૐ પરમહંસાય નમઃ ।
૨૮ ૐ તીર્થકૃતે નમઃ ।
૨૯ ૐ તૈર્થિકાર્ચિતાય નમઃ ।
૩૦ ૐ ક્ષમાનિધયે નમઃ ।
૩૧ ૐ સદોન્નિદ્રાય નમઃ ।
૩૨ ૐ ધ્યાનનિષ્ઠાય નમઃ ।
૩૩ ૐ તપઃપ્રિયાય નમઃ ।
૩૪ ૐ સિદ્ધેશ્વરાય નમઃ ।
૩૫ ૐ સ્વતન્ત્રાય નમઃ ।
૩૬ ૐ બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ ।
૩૭ ૐ પાષડોચ્છેદનપટવે નમઃ ।
૩૮ ૐ સ્વસ્વરુપાચલસ્થિતયે નમઃ ।
૩૯ ૐ પ્રશાન્તમૂર્તયે નમઃ ।
૪૦ ૐ નિર્દોષાય નમઃ ।
૪૧ ૐ અસુરગુર્વાદિમોહનાય નમઃ ।

૪૨ ૐ અતિકારુણ્યનયનાય નમઃ ।
૪૩ ૐ ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ ।
૪૪ ૐ મહાવ્રતાય નમઃ ।
૪૫ ૐ સાધુશીલાય નમઃ ।
૪૬ ૐ સાધુવિપ્રપ્રપૂજકાય નમઃ ।
૪૭ ૐ અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ ।
૪૮ ૐ સાકારબ્રહ્મવર્ણનાય નમઃ ।
૪૯ ૐ સ્વામિનારાયણાય નમઃ ।
૫૦ ૐ સ્વામિને નમઃ ।
૫૧ ૐ કાલદોષનિવારકાય નમઃ ।
૫૨ ૐ સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ ।
૫૩ ૐ સદ્યઃસમાધિસ્થિતિકારકાય નમઃ ।
૫૪ ૐ કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ ।
૫૫ ૐ કૌલદ્વિષે નમઃ ।
૫૬ ૐ કલિતારકાય નમઃ ।
૫૭ ૐ પ્રકાશરુપાય નમઃ ।
૫૮ ૐ નિર્દમ્ભાય નમઃ ।
૫૯ ૐ સર્વજીવહિતાવહાય નમઃ ।
૬૦ ૐ ભકિતસમ્પોષકાય નમઃ ।
૬૧ ૐ વાગ્મિને નમઃ ।
૬૨ ૐ ચતુર્વર્ગફલપ્રદાય નમઃ ।
૬૩ ૐ નિર્મત્સરાય નમઃ ।

૬૪ ૐ ભકતવર્મણે નમઃ ।
૬૫ ૐ બુદ્ધિદાત્રે નમઃ ।
૬૬ ૐ અતિપાવનાય નમઃ ।
૬૭ ૐ અબુદ્ધિહૃતે નમઃ ।
૬૮ ૐ બ્રહ્મધામદર્શકાય નમઃ ।
૬૯ ૐ અપરાજીતાય નમઃ ।
૭૦ ૐ આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ ।
૭૧ ૐ શ્રિતસંસૃતિમોચનાય નમઃ ।
૭૨ ૐ ઉદારાય નમઃ ।
૭૩ ૐ સહજાનન્દાય નમઃ ।
૭૪ ૐ સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ ।
૭૫ ૐ કન્દર્પદર્પદલનાય નમઃ ।
૭૬ ૐ વૈષ્ણવક્રતુકારકાય નમઃ ।
૭૭ ૐ પંચાયતનસન્માનાય નમઃ ।
૭૮ ૐ નૈષ્ટિકવ્રતપોષકાય નમઃ ।
૭૯ ૐ પ્રગલ્ભાય નમઃ ।
૮૦ ૐ નિઃસ્પૃહાય નમઃ ।
૮૧ ૐ સત્યપ્રતિજ્ઞાય નમઃ ।
૮૨ ૐ ભકતવત્સલાય નમઃ ।
૮૩ ૐ અરોષણાય નમઃ ।
૮૪ ૐ દીર્ઘદર્શિને નમઃ ।
૮૫ ૐ ષડૂર્મિવિજયક્ષમાય નમઃ ।
૮૬ ૐ નિરહંકૃતયે નમઃ ।

૮૭ ૐ અદ્રોહાય નમઃ ।
૮૮ ૐ ઋજવે નમઃ ।
૮૯ ૐ સર્વોપકારકાય નમઃ ।
૯૦ ૐ નિયામકાય નમઃ ।
૯૧ ૐ ઉપશમસ્થિતયે નમઃ ।
૯૨ ૐ વિનયવતે નમઃ ।
૯૩ ૐ ગુરવે નમઃ ।
૯૪ ૐ અજાતવૈરિણે નમઃ ।
૯૫ ૐ નિર્લોભાય નમઃ
૯૬ ૐ મહાપુરુષાય નમઃ ।
૯૭ ૐ આત્મદાય નમઃ ।
૯૮ ૐ અખણ્ડિતાર્ષમર્યાદાય નમઃ ।
૯૯ ૐ વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ ।
૧૦૦ ૐ મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ ।
૧૦૧ ૐ યમદૂતવિમોચકાય નમઃ ।
૧૦૨ ૐ પૂર્ણકામાય નમઃ ।
૧૦૩ ૐ સત્યવાદિને નમઃ ।
૧૦૪ ૐ ગુણગ્રાહિણે નમઃ ।
૧૦૫ ૐ ગતસ્મયાય નમઃ ।
૧૦૬ ૐ સદાચારપ્રિયતરાય નમઃ
૧૦૭ ૐ પુણ્યશ્રવણકીર્તનાય નમઃ ।
૧૦૮ ૐ સર્વમંગલસદ્રુપનાનાગુણ
વિચેષ્ટિતાય નમઃ ।

## રાગ : ગરબી

### પદ-૧

ઉત્સવની પ્યારી કેશવની,
આજ એકાદશી ઉત્સવની;
કોટિક ગૌ કેરા દાન કરે પણ,
ના'વે તોલે એના લવની...આજ
મંગળ રૂપ સદા સુખકારી,
વહાલી નિધિ જન વૈષ્ણવની...આજ
વચન પ્રમાણે કરે વ્રત તેને,
ત્રાસ મટે રે મૃત્યુ ભવની...આજ
બ્રહ્માનંદ કહે એ વ્રત કરવું,
એમ આજ્ઞા સ્વામી ઉદ્ધવની...આજ

### પદ-૨

હરખ અતિ ભેટયા કૃષ્ણપતિ,
આજ એકાદશી હરખ અતિ;
મનમોહન મારે મંદિર આવ્યા,
અધિક થઈ હું તો પુણ્યવતી...આજ
પીતાંબર આભૂષણ પહેરી,
ચાલંતા વહાલો હંસ ગતિ...આજ
પુરુષોત્તમ પૂરણવર પામી,
રહી નહિ ખામી હવે એક રતી...આજ

બ્રહ્માનંદ કહે હરિવર વરતાં,
ચૌદ ભુવનમાં હું થઈ રે છતી...આજ

**પદ-૩**

માવ મળ્યાં ત્રય તાપ ટળ્યાં,
આજ એકાદશી માવ મળ્યાં;
પૂર્વ ભવની પ્રીત જાણીને,
આવીને અમ પર અઢળ ઢળ્યાં...આજ
મુનિવર ધ્યાન ધરી ધરી થાક્યા,
કોઈથી વહાલો ન જાય કળ્યાં...આજ
મારું મંદિરિયું પોતાનું રે જાણી,
ભૂધર સુખદુઃખ માંહી ભળ્યાં...આજ
બ્રહ્માનંદ કહે હરિવર પામી,
આનંદ કેરા ઓઘ વળ્યાં...આજ

**પદ-૪**

સુફળ ફળી હું તો હરિને મળી,
આજ એકાદશી સુફળ ફળી;
ચોંપે કરી નટનાગર સારું,
સેજ સજી કાજુ કુસુમ કળી...આજ
રસબસ હોય રહી રસિયા સંગ,
જ્યું મીસરી પયમાંહી ભળી...આજ

નિત્ય નિત્ય પ્રેમ રહું ઉર ધરતી,
હરિચરણે મન વૃત્તિ હળી...આજ
બ્રહ્માનંદ કહે હરિ ઉર ધરિયા,
જન્મમરણ કેરી શંકા ટળી...આજ

## રાગ : ધોળ

આનંદ આપ્યો અતિ ઘણો રે,
આ સમામાં અલબેલ,
પુરુષોત્તમ પ્રગટી રે; ટેક.
અમૃતના સિંધુ ઉલટયા રે,
રંગડાની વાળી છે રેલ ...પુ૦ ૧
નિર્ભયની નોબત્યું વાગિયું રે,
મળિયા મોહનરાય...પુ૦ ૨
વિધવિધ થયાં વધામણાં રે,
કસર ન રહી કાંય...પુ૦ ૩
ખોટ ગઈ છે ખોવાઈને રે,
જીત્યાના જાંગી ઢોલ...પુ૦ ૪
દુઃખ ગયું બહુ દિનનું રે,
આવિયું સુખ અતોલ...પુ૦ ૫
કળશ ચઢાવ્યો કલ્યાણનો રે,
સહુના મસ્તક પર મોડ...પુ૦ ૬

ધન્ય ધન્ય આ અવતારને રે,
જોવા રાખી નહિ જોડ...પુ૦ ૭
સહુની પારે સહુ ઉપરે રે,
એવી ચલાવી છે રીત...પુ૦ ૮
નો'તી દીઠી નો'તી સાંભળી રે,
પ્રગટાવી એવી પુનિત...પુ૦ ૯
સર્વેના સ્વામી શ્રીહરિ રે,
સર્વેના કહાવિયા શ્યામ...પુ૦ ૧૦
સર્વેના નિયંતા નાથજી રે,
સર્વેનાં કરિયાં કામ ...પુ૦ ૧૧
સ્વામિનારાયણ નામનો રે,
સિક્કો બેસારિયો આપ...પુ૦ ૧૨
એ નામને જે આશર્યાં રે,
તેના તે ટાળિયાં તાપ...પુ૦ ૧૩
ધામી જે અક્ષરધામના રે,
તેણે આપ્યો છે આનંદ...પુ૦ ૧૪
અખંડ આનંદ આપી જીવને રે,
કાપ્યાં ભારે ભવફંદ...પુ૦ ૧૫
ખાતાં વળાવ્યાં છે ખોટનાં રે,
ખરી કરાવી છે ખાટય...પુ૦ ૧૬
બંધ કીધાં બીજાં બારણાં રે,
વહેતી કીધી અક્ષર વાટ...પુ૦૧૭

તમ ટાળ્યું ત્રિલોકનું રે,
પ્રકાશી પૂરણ બ્રહ્મ...પુ૦ ૧૮
અંધારું રહ્યું'તું આવરી રે,
તે ગયું થયું સુગમ...પુ૦ ૧૯
સૂરજ સહજાનંદજી રે,
આપે થયા છે ઉદ્યોત...પુ૦ ૨૦
પૂર્વની દિશાએ પ્રગટ્યા રે,
ખોટા તે કર્યા ખદ્યોત...પુ૦ ૨૧
અષાઢી મેઘે આવી કર્યા રે,
ઝાઝાં બીજાં ઝાકળ...પુ૦ ૨૨
પૂર ચાલ્યાં પૃથ્વી ઉપર રે,
ધોયાં ધરતીના મળ...પુ૦ ૨૩
ગાજ વીજ ને વરસવું રે,
અગમ સુગમ કર્યું સોય...પુ૦ ૨૪
સહુ જનને સુખ આપિયું રે,
દુઃખી રહ્યું નહિ કોઈ...પુ૦ ૨૫
ધર્મનો ઢોલ સુણાવિયો રે,
દેવા લાગ્યા પોતે દાન...પુ૦ ૨૬
દુર્બળનાં દુઃખ કાપિયાં રે,
ન જોઈ જાત કુજાત...પુ૦ ૨૭
ધન્ય ધન્ય મારા નાથજી રે,
ધન્ય ઉદ્ધારિયા જન...પુ૦ ૨૮

ધન્ય ધન્ય આ આવતારને રે,
ભલે મળ્યા ભગવાન...પુ૦ ૨૯
વારી વારી જાઉં વારણે રે,
કર્યાં અમારાં કાજ...પુ૦ ૩૦
ઘણે હેતે ઘનશ્યામજી રે,
મળ્યા અલબેલો આજ...પુ૦ ૩૧
કહીએ મુખેથી કેટલું રે,
આપિયો છે જે આનંદ...પુ૦ ૩૨
નિષ્કુળાનંદ જાય વારણે રે,
સહેજે મળ્યાં સહજાનંદ...પુ૦ ૩૩

## રાગ : પરજ

### પદ-૧

હૈડાનો હાર હરિ રે,
મારે રંગ ભીનો, હૈયાનો હાર હરિ;
મંદિરમાં પધરાવી મોહનને,
ભેટું હું અંક ભરી રે...મારે૦ ૧
જગના જીવનને હું નહીં દઉં જાવા,
રાખીશ જતન કરી રે...મારે૦ ૨
રસિક નવલ વર રાજેશ્વરને,
નીરખીને નયણા ઠરી રે...મારે૦ ૩

બ્રહ્માનંદના નાથને સજની,
મન કર્મ વચને વરી રે...મારે૦ ૪

**પદ-૨**

વર નંદલાલ વરું રે,
સખી અલબેલો, વર નંદલાલ વરું;
મૂરખ લોક દાઝી છો ને મરતાં,
કોઈની શંકા ન ધરું રે...સખી૦ ૧
કહાન કુંવર સંગે નેહ કરીને,
જગથી તે શીદ ડરું રે...સખી૦ ૨
પરણું તો વર પુરુષોત્તમ પરણું,
નહિ તો કુંવારી મરું રે...સખી૦ ૩
બ્રહ્માનંદના નાથને માથે,
તન કુરબાન કરું રે...સખી૦ ૪

**પદ-૩**

ઘોળી હું ગિરિધરિયા રે,
માથે તારે મોહન ઘોળી હું ગિરધરિયા;
પ્રાણજીવન મારે મહોલ પધારો,
ભૂધર રંગ ભરિયા રે... માથે૦ ૧
પહેલી પ્રીત કરીને મારા,
પ્રાણ તમે હરિયા રે... માથે૦ ૨

મસ્તકને સાટે મેં તમને,
વહાલમજી વરિયા રે... માથે૦ ૩
બ્રહ્માનંદ કહે એક ઘડી દૂર,
રહો મા ડોલરિયા રે... માથે૦ ૪

## પદ-૪

લાગેલ રંગ ઝડી રે,
મારે રસિયાજી સું, લાગેલ રંગ ઝડી;
મોહન લાલ રંગીલાની મૂરતિ,
જીવડલામાં જડી રે...મારે૦ ૧
પ્રાણજીવન પાતળિયાને આગે,
હાથ જોડીને ખડી રે...મારે૦ ૨
મીટ થકી ક્ષણ દૂર ન મેલું,
પ્રેમને પાશ પડી રે...મારે૦ ૩
બ્રહ્માનંદના નાથને ભેટી,
ધન્ય ધન્ય આજ ઘડી રે...મારે૦ ૪

## રાગ : સામેરી પદ-૧

સહજાનંદ સિંધુ રે આજ મારે ઉલટયા રે,
ભાંગી મારી ભવો ભવની રે ભૂખ;
કંગાલપણું રે બાઈ મારું કાઢિયું રે,

દૂર કીધું દારીદર ને દુઃખ...સહ૦ ૧
આનંદની લેરું રે એમાં અતિ ઘણી રે,
મરજીવા કરે છે માંયે મોજ;
મૂઠડીને ભરી રે જેણે મુક્તાફળની રે,
ભાંગી બેઠા જન્મ-મરણ ભોજ...સહ૦ ૨
નવ નિધિની રે નથી મારે વંછના રે,
સિદ્ધિ તે સામું શીદ હવે જોય;
સર્વેનું કારણ રે મળિયા ચિંતામણી રે,
હવે જે જે ચિંતવિયે તે હોય...સહ૦ ૩
અનાથ અભાગી રે બાઈ જો અમે નહિ રે,
અમે છૈયે સભાગિયા શાહુકાર;
રંક ટાળીને રે કીધાં અમને રાજવી રે,
દીન ટાળી કીધાં છે જો દાતાર...સહ૦ ૪
માલ અતોલ રે બાઈ અમ પાસળે રે,
તેણે હું તો મગન રહી મનમાંયે;
નિષ્કુળાનંદ રે આનંદ અતિ ઘણો રે,
સઈ કયે સુખતણી જો સીમાયે...સહ૦ ૫

## પદ-૨

સહજાનંદ સિંધુ રે દયાળુ દયા તણા રે,
ઉલટિયા આજ ન રાખી ઓછ;
નિહાલ જો કીધાં રે કંઈક કંગાળને રે,

આપી આપી અધમ જનને જો મોછ...સહ૦ ૧
જેહી નર પાસે રે નોતી એક નાસરી રે,
જેમ તેમ કરીને ભરતા જો પેટ;
ભૂખ તેની ભાંગી રે લાગી હૂંડી હાલવા રે,
થયા થયા સુખી સભાગિયા શેઠ...સહ૦ ૨
કણ કણ કાજે રે જે જણ જણ જાચતા રે,
રેતા રેતા આઠે પોર જે આધેન;
તેને લઈ સોંપી રે સદાવ્રત સુખડી રે,
ભાંગી ભાંગી ભૂખ થયું સુખચેન...સહ૦ ૩
પરિશ્રમ વિના રે પારસમણી મળી રે,
રળી રળી વળી ન મળે જે મૂલ્ય;
ઢળી ઢળી વળી રે લેર્ય સુખ વારની રે,
ટળી ટળી ભીખ બુદ્ધિની જે ભૂલ્ય...સહ૦ ૪
ઉદધિ ઊલટે રે નિધિ નવ માંય છે રે,
થાયે છે સેવતા ઘણું જો સુખ;
નિષ્કુળાનંદ રે આનંદ અતિ ઘણો રે,
મહિમા તે મોટો ન કહેવાયે મુખ...સહ૦ ૫

## પદ-૩

સહજાનંદ સિંધુ રે સખી સદા સેવિયે રે,
જો સુખ ઇચ્છિયે મનમાંયે;

ડગમગ કરી રે દલ ન ડોલાવિયે રે,
જેણે કરી જીત્યો અવસર જાયે...સહ૦ ૧

અવસર આવો રે અવર આવે નહિ રે,
જેમાં કાંયે મળિયા સુંદર શામ;

એવાને મૂકીને રે અન્ય ન આરાધિયે રે,
જેણે કરી જીવિત થાયે હરામ...સહ૦ ૨

સપના સરીખા રે સુખ આ સંસારના રે,
પશુ વિના બીજો ન કરે પરતિત;

વણસીને જાતા રે વાર જો લાગે નહીં રે,
દેહ ગેહ દારા સુત વિત્ત...સહ૦ ૩

તે ઇછયું નવ્ય આવે રે હાથ્ય છે હરિ તણે રે,
આપ્યા વિના લેવાય નહીં તે લેશ;

પરિશ્રમ કરી રે જાયે કોયે પામવા રે,
કરે ઉપજાવી ઊલટો કલેશ...સહ૦ ૪

અન્ય જો ભરોસો રે અંતરથી ઉવેખિયે રે,
દેખિયે કાંઇ દલમાં કરી વિચાર;

નિષ્કુળાનંદ રે સખી તે સભાગણી રે,
જેને ઉપર પ્રસન્ન પ્રાણ આધાર...સહ૦ ૫

## પદ-૪

સહજાનંદ સિંધુ રે સખી જો સભર ભર્યો રે,
એકરસ અખંડ ને અવિનાશ;
અંતરની આંખેથી રે જે જાણે તે જાણશે રે,
આવે ન જાયે જેમ આકાશ...સહ૦ ૧
લેર્ય તરંગ રે બુદબુદાં બહુ થયાં રે,
દેવ દુનિ મુનિ નર ને જો નાર્ય;
સ્થાવર જંગમ રે દિશે જોતાં જૂજવાં રે,
આદ્યે અંત્યે મધ્યે વિલસે વાર્ય...સહ૦ ૨
હીમ કરા ને રે લૂણ બહું લેખતાં રે,
જોતાં દિએ જૂજવી તેહની જાત્ય;
ઉત્તમ મદ્ય રે એથી અળગું નહીં રે,
પોત એક પાડી ભિન્ન ભિન્ન ભાત...સહ૦ ૩
ભાંડું ભરીયે રે જેમ કોયે જળનું રે,
રાખીયે તે રતનકર ને માંયે;
ભીતર બહાર રે ભર્યું જળ ભાળિયે રે,
ભાજન ભાંગતે તોય રહ્યું ત્યાંયે...સહ૦ ૪
આવે ન જાયે રે અખંડ એ આત્મા રે,
જેહ સ્થિર અસ્થિર તે નવ્ય થાય;
નિષ્કુળાનંદ રે લેર્ય આનંદની રે,
ઉપની તે સચર માંયે સમાય...સહ૦ ૫

## રાગ : ધોળ પદ-૧

અક્ષરના વાસી વ્હાલો આવ્યા અવની પર;
નવખંડ ધરતીમાં સ્વામી છતરાયા ચાલે રાજ. અક્ષર ૦
અવની પર આવી વ્હાલે સત્સંગ સ્થાપ્યો;
હરિજનને કોલ કલ્યાણનો આપ્યો રાજ. અક્ષર૦ ૧
પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ;
હરિજન સંગે કીધી સાચી સગાઈઓ રાજ. અક્ષર૦ ૨
બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે;
પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ. અક્ષર૦ ૩
દેવના દેવ વહાલો ધામના ધામી;
પ્રગટ પ્રભુનું નામ સહજાનંદ સ્વામી રાજ. અક્ષર૦ ૪
પ્રેમાનંદનો વહાલો આનંદકારી;
પોતાના જનની વાલે લાજ વધારી રાજ. અક્ષર૦ ૫

## પદ-૨

ધર્મને લાલે મુને હેતે બોલાવી;
એકાંતની વાત મર્મે સમજાવી રાજ. ધર્મને૦ ૧
મૂળ માયાના બંધ કાપવા આવ્યા;
ધામ ધામના વાસી આહીં બોલાવ્યા રાજ. ધર્મને૦ ૨
મૂળ અક્ષર પણ શ્રી હરિ સંગે;
મુક્ત મંડળને, લાવ્યા ઉમંગે રાજ. ધર્મને૦ ૩

નવે ગ્રહમાં જેમ ભાનુ વિના તમ;
દૂર ન થાય કરે કોટિક કર્મ રાજ. ધર્મને૦ ૪
પ્રેમાનંદનો સ્વામી પ્રાણ સનેહી;
બદ્ધ જીવને વા'લે કર્યા વિદેહી રાજ. ધર્મને ૦ ૫

## પદ-૩

અધમ ઉદ્ધારણ એવું પોતાનું નામ;
સત્ય કર્યું આજ શ્રી ઘનશ્યામ રાજ. અધમ૦ ૧
જીવને શિવ કર્યા અવિદ્યા ટાળી;
પ્રૌઢ પ્રતાપ જણાવી હદ વાળી રાજ. અધમ૦ ૨
વિના સાધને સિદ્ધ દશા પમાડી,
સૌથી પોતાની રીત ન્યારી દેખાડી રાજ. અધમ૦ ૩
રવિ આગે શશી તારા ન ભાસે;
મતપંથ તેમ શ્રી હરિ પાસે રાજ. અધમ૦ ૪
પ્રેમાનંદનો સ્વામી પૂરણ પ્રતાપી;
પોતાના જનને સ્થિતિ અલૌકિક આપી રાજ. અધમ૦ ૫

## પદ-૪

શીદને ભટકો છો તમે ચતુર સુજાણ;
પ્રગટ પ્રભુની આજ કરો ઓળખાણ રાજ. શીદને૦ ૧

આ ધામ ધામી ક્યારે નો'તા પધાર્યા,
ઈશ્વર કોટી સ્તુતિ કરીને હાર્યા રાજ. શીદને૦ ૨
અવસર પર કોઈ અવનીએ આવે;
તો તેની આગે માય, કાંઈ ન ફાવે રાજ. શીદને૦ ૩
ગુણીને સંગે ક્યાંથી નિર્ગુણ થાય;
જ્યાંથી આવ્યા તેમાં પાછા સમાય રાજ. શીદને૦ ૪
આવો અવસર હવે ફરી નહીં આવે;
પ્રેમાનંદ તાળી દઈને કા'વે રાજ. શીદને૦ ૫

## રાગ : ગરબી પદ-૧

મન લીધું મોરલડીના તાનમાં રે,
હુંતો મોહી છું છેલાજીના વાનમાં રે...મન૦ ટેક.

સખી આજ ગઈ'તી હું તો પાણીએ,
વહાલે મુજને બોલાવી મીઠી વાણીએ રે...મન૦ ૧

વહાલો ઊભા'તા ગોવાળોને સાથમાં રે,
લીધી બંસી મનોહર હાથમાં રે......મન૦ ૨

રૂડાં છોગાં મેલ્યાં તે રળિયામણાં રે,
ભાળી લીધાં ભૂધરજીનાં ભામણાં રે......મન૦ ૩

મારી લગની લાગી છે નંદલાલમાં રે,
બ્રહ્માનંદને વહાલે જોયું વ્હાલમાં રે......મન૦ ૪

## પદ-૨

ઓરા આવોને નાગર નંદના રે,
આવી વાળોને ઓઘ આનંદના રે...ઓરા૦ ટેક.

વહાલા હોંસ ઘણી છે મારા મનમાં રે,
તમ આવે ટાઢું થાય તનમાં રે...ઓરા૦ ૧

વહાલા એકલાં તે કેમ કરી રીજીએ રે,
કહાના આવોને ગોઠડી કીજીએ રે...ઓરા૦ ૨

તમ સાથે બંધાણી પ્રીત ઘાટડી રે,
મારે ઉઘડી હૈડા કેરી હાટડી રે...ઓરા૦ ૩

બ્રહ્માનંદના તે શ્યામ સુજાણ છો રે,
પ્યારા પર સનેહી મારા પ્રાણ છો રે...ઓરા૦ ૪

## પદ-૩

મન માની મોહન તારી મૂરતિ રે;
એક નિમિષ ન મેલું મારા ઉરથી રે...મન૦ ટેક.

મને નેહડો જણાણો તારા નેણમાં રે;
રઢ લાગી ન ભૂલું દિન રેનમાં રે...મન૦ ૧

જોયું રૂપ તારું રળિયામણું રે;
બીજું સરવે થયું અળખામણું રે...મન૦ ૨

હું તો ગરક થઇ તારા ગીતમાં રે;

ચડયો કેફ અલૌકિક ચિત્તમાં રે...મન૦ ૩

પિયા પ્રેમેથી સેજડી પધારજો રે;
બ્રહ્માનંદને ઘડી મા વિસારજો રે...મન૦ ૪

## પદ-૪

વા'લી લાગે વા'લા તારી વાતડી રે;
છેલા મળીને ઠરે મારી છાતડી રે. વા'લી૦ ટેક૦

રંગભીના રંગાણી તારા રંગમાં રે;
અતિ આનંદ થયો છે મારા અંગમાં રે. વાલી૦ ૧

હું તો જીવું મોહન તુંને જોઈને રે;
વળી રાખું આંખલડીમાં પ્રોઈને રે. વાલી૦ ૨

કા'ના નેણુમાં કામણ કીધલાં રે;
રૂડાં લટકાં કરી મન લીધલાં રે. વાલી૦ ૩

વારી એકાંતે રંગભર આવજો રે,
બ્રહ્માનંદને હસીને બોલાવજો રે. વાલી૦ ૪

# આશ્રિતોને આજ્ઞા

સંધ્યાકાળે સહુજન મળી રે,
જવું હરિ મંદિરમાં વળી રે ।
ઉચ્ચ સ્વરે ત્યાં કીર્તન રે,
હેતે હરિના નામનું ભજન રે ।।

-સ.ગુ.નિષ્કુળાનંદ સ્વામી

સત્સંગી સબ નારી નર,
તરુન વૃધ્ધ અરુબાલ ।
હરિ મંદિરમે નિતપ્રતિ,
જાનો સાયંકાલ ।।

-સ.ગુ.પ્રેમાનંદ સ્વામી